ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૨૧૮ । વિક્રમ સંવત ૨૦૮૨ : ફાગણ વદ ૦૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 218 • Dt.07-03-2026 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

07 MARCH- 2026 SATURDAY




P.07 દીપિકાએ હોલિવુડની ધી વ્હાઈટ લોટસ સીરિઝ છોડી દીધી



P.07 પ્રિયંકા ચોપરાની વારાણસીનું હજુ છ માસનું શૂટિંગ બાકી



07 યુદ્ધને કારણે ભારતને મોટું નુકસાન । ફળ-શાકભાજી ભરેલા ૮૦૦ થી ૧૦૦૦ કન્ટેનર દુબઈમાં ફસાયા!!



07 ટ્રમ્પને યુદ્ધ ભારે પડશે! ગલ્ફ દેશો અમેરિકામાંથી ૨ ટ્રિલિયન ડોલરનું રોકાણ પાછું ખેંચવાની તૈયારીમાં





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


**સાણંદ બનશે સેટેલાઈટ ટાઉનશિપ : સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ અને સ્માર્ટ સુવિધાઓ**

**ઔડાના સીઈઓ દેવાંગ દેસાઇએ રજૂ કરેલા આ બજેટમાં શહેરના વિકાસ અને માળખાકીય સુવિધાઓ માટે મહત્ત્વની જોગવાઈઓ કરવામાં આવી । ઔડા પોતાની આવક વધારવા માટે હસ્તગત કરેલા ૫૦થી વધુ પ્લોટોનું વેચાણ કરશે, જેનાથી રૂ. ૧૩૦૦ કરોડ ઊભા કરવાનું આયોજન છે**

# ઔડાનું ૨૦૨૬-૨૭નું રૂપિયા ૩૧૦૧ કરોડનું બજેટ રજૂ

## ઔડા હસ્તકના મુખ્ય પાંચ ગ્રોથ સેન્ટરો કલોલ, સાણંદ, મહેમદાવાદ, દહેગામ અને બારેજામાં નવા ટીપી રોડ બનાવવા માટે રૂપિયા ૬૦૦ કરોડ ફાળવવામાં આવ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે આજે(૬ માર્ચ) રૂ. ૩૧૦૧.૭૩ કરોડનું વાર્ષિક બજેટ રજૂ કરવામાં આવ્યું છે. ઔડાના સીઈઓ દેવાંગ દેસાઈએ રજૂ કરેલા આ બજેટમાં શહેરના વિકાસ અને માળખાકીય સુવિધાઓ માટે મહત્ત્વની જોગવાઈઓ કરવામાં આવી છે. આગામી વર્ષમાં સંસ્થાને રૂ.૩૧૧૯.૮૩ કરોડની આવક થવાનો અંદાજ છે.રહેઠાણની સુવિધા માટે ખોડીયાર ખાતે LIG-૨ પ્રકારના ૨૭૮ નવા આવાસો બનાવવામાં આવશે. સાણંદમાં EWS આવાસના કામો પૂર્ણ કરવા રૂ. ૪૫ કરોડ ફાળવાયા છે. તદુપરાંત, ખોડીયાર, લપકામણ, બોરીસા, તાજપુર અને લીલાપુરના તળાવોનું રિડેવલોપમેન્ટ કરવામાં આવશે, જ્યારે ગઢીયા અને જેતલપુર તળાવની કામગીરી પૂર્ણ કરાશે.ઔડા પોતાની આવક વધારવા માટે હસ્તગત કરેલા ૫૦થી વધુ પ્લોટોનું વેચાણ કરશે, જેનાથી રૂ. ૧૩૦૦ કરોડ ઊભા કરવાનું આયોજન છે. આ ઉપરાંત, દુકાનોના વેચાણમાંથી રૂ. ૫ કરોડ અને એફોર્ડેબલ હાઉસિંગના હપ્તા પેટે રૂ. ૧૫.૩૬ કરોડની આવક ગણતા કુલ રૂ. ૧૩૨૦.૩૬ કરોડની આવક થવાની શક્યતા છે. જોકે, ગત વર્ષે ૮૦૦ કરોડના લક્ષ્ય સામે માત્ર ૪૫૦ કરોડની જ આવક થઈ હતી.ઔડા દ્વારા ટીપી ૪૨ (મણિપુર-ગોધાવી) વિસ્તારમાં મોડલ ટીપી સ્કીમ સાકાર કરવામાં આવશે. આ વિસ્તારના વિકાસ માટે રૂ. ૨૭૫ કરોડની જોગવાઈ કરાઈ છે, જેમાં સાયકલ ટ્રેક, ફૂટપાથ, સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ, જંકશન ડેવલોપમેન્ટ, યુટીલીટી ડક અને તળાવ ડેવલોપમેન્ટ જેવા આધુનિક કામો હાથ ધરાશે.

### ટી.પી. સ્કીમ અંતર્ગત સાણંદમાં રોડ નેટવર્ક, સ્ટ્રીટ ડેવલોપમેન્ટ, ગાર્ડન, તળાવોનું બ્યુટીફિકેશન, લાયબ્રેરી અને સ્પોર્ટ્સ સુવિધાઓ વિકસાવવામાં આવશે

**સાણંદ બનશે સેટેલાઈટ ટાઉનશિપઃ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ અને સ્માર્ટ સુવિધાઓ**

સાણંદમાં પીપીપી ધોરણે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનાવવામાં આવશે. ટી.પી. સ્કીમ અંતર્ગત સાણંદમાં રોડ નેટવર્ક, સ્ટ્રીટ ડેવલોપમેન્ટ, ગાર્ડન, તળાવોનું બ્યુટીફિકેશન, લાયબ્રેરી અને સ્પોર્ટ્સ સુવિધાઓ વિકસાવવામાં આવશે. જાહેર જનતાની સુવિધા માટે વિવિધ પ્લોટ અને બ્રિજ નીચે 'પે એન્ડ પાર્ક' મોડલ હેઠળ પાર્કિંગ વ્યવસ્થા શરૂ કરવામાં આવશે. સાથોસાથ, બારેજા વોટર સપ્લાય પ્રોજેક્ટ માટે બારેજા નગરપાલિકાને જરૂરી જમીન ફાળવવાનો પણ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.






**ઔડા હસ્તકના મુખ્ય ૫ ગ્રોથ સેન્ટરોમાં રૂ. ૬૦૦ કરોડના ખર્ચે નવા રોડ**

ઔડા હસ્તકના મુખ્ય પાંચ ગ્રોથ સેન્ટરો કલોલ, સાણંદ, મહેમદાવાદ, દહેગામ અને બારેજામાં નવા ટીપી રોડ બનાવવા માટે રૂ. ૬૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત, હાલના રોડની જાળવણી અને નિભાવણી માટે અલગથી રૂ. ૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકારના સાણંદને સેટેલાઈટ ટાઉન તરીકે વિકસાવવાના નિર્ણયને બજેટમાં પ્રાધાન્ય અપાયું છે. રૂ. ૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**ઔડા દ્વારા ડ્રેનેજ, એસટીપી અને કેનાલ પર બ્રિજનું આયોજન**



ઔડા વિસ્તારમાં પાણી અને ગટર વ્યવસ્થા માટે મોટી રકમ ફાળવાઈ છે:

- ખોડીયાર, લીલાપુર, જાસપુર, અસલાલી, જેતલપુર અને બારેજડી સહિતના વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક અને એસટીપી માટે રૂ. ૩૫૦ કરોડ.
- કલોલ વિસ્તારમાં વરસાદી પાણીના નેટવર્ક માટે રૂ. ૧૦૦ કરોડ.
- સાણંદ અને કલાણા વિસ્તારમાં ડ્રેનેજ અને કેનાલ પર માઇનોર બ્રિજ બનાવવા માટે રૂ. ૧૫૦ કરોડ.

**પ્લોટ વેચાણ દ્વારા રૂ. ૧૩૦૦ કરોડની આવકનું લક્ષ્ય**

ઔડા પોતાની આવક વધારવા માટે હસ્તગત કરેલા ૫૦થી વધુ પ્લોટોનું વેચાણ કરશે, જેનાથી રૂ. ૧૩૦૦ કરોડ ઊભા કરવાનું આયોજન છે. આ ઉપરાંત, દુકાનોના વેચાણમાંથી રૂ. ૫ કરોડ અને એફોર્ડેબલ હાઉસિંગના હપ્તા પેટે રૂ. ૧૫.૩૬ કરોડની આવક ગણતા કુલ રૂ. ૧૩૨૦.૩૬ કરોડની આવક થવાની શક્યતા છે. જોકે, ગત વર્ષે ૮૦૦ કરોડના લક્ષ્ય સામે માત્ર ૪૫૦ કરોડની જ આવક થઈ હતી.



**મણિપુર અને ગોધાવીમાં 'મોડલ ટીપી સ્કીમ'**

ઔડા દ્વારા ટીપી ૪૨ (મણિપુર-ગોધાવી) વિસ્તારમાં મોડલ ટીપી સ્કીમ સાકાર કરવામાં આવશે. આ વિસ્તારના વિકાસ માટે રૂ. ૨૭૫ કરોડની જોગવાઈ કરાઈ છે, જેમાં સાયકલ ટ્રેક, ફૂટપાથ, સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ, જંકશન ડેવલોપમેન્ટ, યુટીલીટી ડક અને તળાવ ડેવલોપમેન્ટ જેવા આધુનિક કામો હાથ ધરાશે.

---

## ન્યૂઝ બ્રિફ

### વડોદરામાં ચાલતા જુગાર પર પોલીસની રેડ : ૧૫ ખેલી ઝડપાયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૬ ।

વડોદરાના ગાજરાવાડી વિસ્તારમાં સૂર્ય નગરની ગલીમાં ચાલતા જુગાર ધામ પર પાણીગેટ પોલીસે રેડ કરી હતી. જેમાં સ્થળ ઉપરથી ૧૫ જેટલા ખેલી આબાદ ઝડપાઈ ગયા હતા. પોલીસે ૧૫ મોબાઈલ અને રોકડ રકમ મળી ૧.૦૯ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે.વડોદરા શહેરના પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં ફરી રહ્યા હતાં. તે દરમ્યાન પોલીસને બાતમી હકીકત મળી હતી.

### જામનગરમાં ૧૭ વર્ષિય તરૂણ પર હુમલો : પાડોશી સહિત 3 સામે પોલીસ ફરિયાદ

। પ્રતિનિધિ, જામનગર, તા.૬ ।

જામનગરમાં વિનાયક પાર્ક સોસાયટીમાં રહેતા નિખિલ હમીરભાઈ મકવાણા નામના ૧૭ વર્ષના તરૂણ ઉપર તે જ વિસ્તારમાં રહેતા નિખિલભાઈ ગોંદીયાએ તેના બે સાગરીતોની મદદથી ઢોર માર માર્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે, જ્યારે જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ઉપરોક્ત હુમલાખોર આરોપીના ઘર પાસેથી પસાર થતો હતો, ત્યારે તેના ઘર ઉપર કોઈએ પથ્થર માર્યો હતો, તે પથ્થર નીખિલે ફેંક્યો હોવાનું કારણ આપીને તેના ઉપર હુમલો કરાયો હતો.

---

**છોટા ઉદેપુર જિલ્લાના આદિવાસી પંથકમાં ઉત્સવનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો**

# છોટા ઉદેપુર : કવાંટમાં વિશ્વવિખ્યાત 'ગેરનો મેળો' જામ્યો । આદિવાસી સંસ્કૃતિ અને આસ્થાનો સંગમ

**મેળાને નિહાળવા માટે માત્ર સ્થાનિકો જ નહીં, પરંતુ દેશ-વિદેશથી મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડ્યા**

। પ્રતિનિધિ, છોટા ઉદેપુર, તા.૬ ।

હોળીના પર્વ બાદ છોટા ઉદેપુર જિલ્લાના આદિવાસી પંથકમાં ઉત્સવનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે. આદિવાસી સમાજની કળા, પરંપરા અને સંસ્કૃતિનું જીવંત પ્રતિબિંબ સમાન ગેરનો મેળો કવાંટ ખાતે ભવ્ય રીતે યોજાયો હતો. આ મેળાને નિહાળવા માટે માત્ર સ્થાનિકો જ નહીં, પરંતુ દેશ-વિદેશથી મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડ્યા હતા.ગેરના મેળા સાથે આદિવાસી સમાજની અતૂટ શ્રદ્ધા જોડાયેલી છે. ખેતીમાં સમૃદ્ધિ, રોગમુક્તિ અને સુખાકારી માટે લેવાયેલી માનતાઓ



આ પર્વે પૂર્ણ કરવામાં આવે છે. હોળી પ્રગટ્યા બાદ પાંચ દિવસ સુધી ગરૈયાઓ પોતાના ઘરનો ત્યાગ કરી જંગલમાં રહી ઉપવાસ અને તપ સ્યા કરે છે. લાલ પાઘડી અને લીલા વસ્ત્રોમાં સજ્જ ગરૈયાઓ હાથમાં લાકડી અને મોરપિચ્છ ધારણ કરી પરંપરાગત વાદ્યોના તાલે ગેર રમે છે.

કવાંટના મેળાની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં રંગો ઉડાડવામાં આવતા નથી, છતાં આખો મેળો રંગીન ભાસે છે. હજારોની સંખ્યામાં આદિવાસી યુવક-યુવતીઓ પોતપોતાના પરંપરાગત અને આભલા જડેલા રંગીન વસ્ત્રો પહેરીને આવે છે, જે સમગ્ર વાતાવરણને આદિવાસી કળાના રંગોથી ભરી દે છે.

આ વર્ષે વિશ્વવિખ્યાત ગેરનો મેળો રાજકીય ગરમાવો પણ સાક્ષી બન્યો હતો. વિવિધ પક્ષના નેતાઓ પોતાની લોકપ્રિયતા અને વર્ચસ્વ બતાવવા મેળામાં ઉતરી આવ્યા હતા. ભાજપના સાંસદ જસુ રાઠવાને તેમના સમર્થકોએ ખભે બેસાડી ઉત્સાહ વધાર્યો હતો. જ્યારે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય પણ પોતાના કાર્યકરો સાથે મેળાની મોજ માણતા જોવા મળ્યા હતા.

હજારોની માનવમેદની વચ્ચે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા કવાંટના બજારોમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આધુનિકતાના યુગમાં પણ આદિવાસી યુવાનો પોતાની આ પરંપરા અને સાંસ્કૃતિક વારસાને ટકાવી રાખવા કટિબદ્ધ દેખાઈ રહ્યા છે.

---

**નવરંગપુરા પોલીસ મથકે નોંધવામાં આવી**

### નવરંગપુરામાં સરનામુ પુછવાના બહાને રૂપિયા૨૦ લાખની ચોરી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।



અમદાવાદ શહેરના નવરંગપુરા સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે ટ્રેડ સેન્ટરના પાર્કિંગમાં આંગડિયા પેઢીના કર્મચારીને સરનામુ પુછવાના બહાને વાતોમાં રાખીને નજર ચુકવીને બે ગઠિયાઓએ ૨૦ લાખની રોકડની ચોરી કરી હોવાની ફરિયાદ નવરંગપુરા પોલીસ મથકે નોંધવામાં આવી છે.નરોડા ઉમીયા ફ્લેટમાં રહેતા રમેશભાઈ પટેલ નવરંગપુરા સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે આવેલા ટ્રેડ સેન્ટરમાં આવેલી આંગડિયા પેઢીમાં નોકરી કરે છે. મંગળવારે બપોરના સમયે તે સુવર્ણકલા કોમ્પ્લેક્સ અને સુપર મોલમાંથી ૨૦ લાખ રૂપિયા લેવા માટે ગયા હતા અને તે નાણાં સ્કૂટરની ડેકીમાં મુકીને ઓફિસના પાર્કિંગમાં આવ્યા હતા. ત્યારે બે યુવકો બાઈક પર આવ્યા હતા અને તેમણે રમેશભાઈને ઈન્કમટેક્ષ જવાનો રસ્તો પુછીને વાતોમાં રાખ્યા હતા અને જે પૈકી એક યુવકે નજર નજર ચુકવીને ૨૦ લાખની રોકડ લઈ લીધી હતી.

---

**ઈ-બસ પ્રતિ કિલોમીટર રુપિયા ૬૦.૮૦ના દરથી લેવાશે** | **૯ મીટરની ૬૦૦ ઈ-બસ એ.એમ.ટી.એ.ને તથા ૧૨ મીટરની ૩૦૦ ઈ-બસ બી.આર.ટી.એસ.ને ફાળવવા તંત્ર તરફથી કવાયત**

# પી.એમ.ઈ-ડ્રાઈવ સ્કીમ અંતર્ગત એએમટીએસ, બીઆરટીએસ માટે એક હજાર ઈલેક્ટ્રિક બસોને મંજૂરી અપાઈ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

૯ મીટરની ૬૦૦ ઈ-બસ એ.એમ. ટી.એસ.ને, ૧૨ મીટરની ૩૦૦ બસ બી.આર.ટી.એસ.ને ફાળવવા તંત્રની કવાયત શરુઅમદાવાદમાં ગ્રીન મોબીલીટી તરફ વધુ એક મહત્વપૂર્ણ પ ગલુ ભરવામા આવ્યુ છે.પી.એમ.ઈ-ડ્રાઈવ સ્કીમ અંતર્ગત એ.એમ.ટી.એસ. તથા બી.આર.ટી.એસ. માટે એક હજાર



ઈલેકટ્રિક બસોને માટે મંજૂરી આપવામા આવી છે.૯ મીટરની ૬૦૦ ઈ-બસ એ.એમ.ટી.એ.ને તથા ૧૨ મીટરની ૩૦૦ ઈ-બસ બી.આર.ટી.એસ.ને ફાળવવા તંત્ર તરફથી કવાયત શરુ કરવામા આવી છે.જનમાર્ગ લિમિટેડની મળેલી બેઠકમાં ૧૦૦૦ ઈલેકટ્રિક એ.સી.બસ માટે વર્કઓર્ડર ઈશ્યૂ કરવા મંજૂરી આપવામા આવી છે. આ નવી એ.સી.ઈલેકટ્રિક બસ વર્ષ-૨૦૨૬ અને ૨૦૨૭માં તબકકાવાર સામેલ કરાશે.

શહેરમાં ગ્રીન મોબીલીટીમા વધારો કરવાના ભાગરૂપે જનમાર્ગ લિમિટેડની મળેલી બેઠકમાં પી.એમ.ઈ-ડ્રાઈવ સ્કીમ અંતર્ગત મિનિસ્ટ્રી ઓફ હેવી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા દેશના મોટા શહેરો માટે સંયુકત ટેન્ડર પ્રકીયા હાથ ધરવામા આવી હતી. જેમાં અમદાવાદ શહેરને એક હજાર બસ ફાળવવામા આવી હતી.જે અનુસંધાનમાં એ.એમ.ટી.એસ. અને બી.આર. ટી.એસ. માટે ગ્રોસ કોસ્ટ કોન્ટ્રાકટ આધારીત કરાર હેઠળ એ.સી.ઈલેકટ્રિક બસો મેળવવામા આવશે.૯ મીટરની એ.સી.ઈ-બસ રુપિયા ૫૧.૫૦ પ્રતિ કિલોમીટરના ભાવથી તથા ૧૨ મીટરની એ.સી. ઈ-બસ પ્રતિ કિલોમીટર રુપિયા ૬૦.૮૦ના દરથી લેવાશે. ૧૨ મીટરની ૧૦૦ બસ એ.એમ.ટી.એસ.ને ફળવાશે. વાયુ અને ધ્વનિ પ્રદૂષણમાં નોંધપાત્ર ઘટાડો થશે.

---

**સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં કલાનો સંગમ**

### ૧૭ રાજ્યોના ચિત્રકારોએ 'યુનિટી આર્ટ વર્ક'માં સર્જ્યા અદભૂત ચિત્રો

**માત્ર ચિત્રો બનાવવા પૂરતું જ નહીં, પરંતુ કલાને વૈશ્વિક સ્તરે કેવી રીતે લઈ જવી તે માટે ખાસ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું**

। પ્રતિનિધિ, નર્મદા, તા.૬ ।

નર્મદા જિલ્લાના કેવડિયામાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના સાનિધ્યમાં કલા અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. એકતા નગરના ટેન્ટ સિટી-૨ ખાતે ઈન્ટરનેશનલ ક્રિએટિવ આર્ટ સેન્ટર દ્વારા 'યુનિટી આર્ટ વર્ક' કેમ્પનું આયોજન કરાયું હતું. આ આર્ટ કેમ્પમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધીના અલગ-અલગ રાજ્યોના ખ્યાતનામ ચિત્રકારોએ ભાગ લઈ પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું.ઈન્ટરનેશનલ ક્રિએટિવ આર્ટ સેન્ટરના રવિન્દ્ર મરડિયાએ આયોજન અંગે માહિતી આપતા જણાવ્યું કે, 'અમે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને અહીંના પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે આ આર્ટ કેમ્પનું આયોજન કર્યું છે. જેમાં ભારતભરમાંથી ૧૫થી ૨૦ વર્ષનો અનુભવ ધરાવતા ૧૮ જેટલા કલાકારો જોડાયા છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય કન્ટેમ્પરરી આર્ટવર્કને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદર્શિત કરવાનો છે.'માત્ર ચિત્રો બનાવવા પૂરતું જ નહીં, પરંતુ કલાને વૈશ્વિક સ્તરે કેવી રીતે લઈ જવી તે માટે ખાસ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના નામાંકિત આર્ટ ક્રિટિક્સ પ્રયાગ શુક્લ, જોની



એમ.એલ. અને અશોક ભૌમિક ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ કલાકારોને ચિત્ર માટે વિષયની પસંદગી કેવી રીતે કરવી. પેઈન્ટિંગને વધુ આકર્ષક અને અર્થસભર બનાવવાની તકનીકો. આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો માટે કઈ કઈ કાળજીઓ રાખવી જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું હતું.આ કેમ્પમાં કલાકારોએ પોતાની કલ્પનાશક્તિથી અદભૂત કૃતિઓ સર્જી હતી. જમ્મુ-કાશ્મીરથી આવેલા કલાકાર કમલેશ કુમારી ગાંધીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું એક વિશિષ્ટ ચિત્ર તૈયાર કર્યું હતું. તેમણે પોતાના અનુભવ વિશે જણાવ્યું કે, 'સરદાર પટેલનું વ્યક્તિત્વ અને આ પ્રતિમા જોઈને મને પ્રેરણા મળી. મેં મારા પેઈન્ટિંગમાં વિંધ્યાચલની પહાડીઓની સાથે હિમાલયને પણ દર્શાવ્યો છે, જે ભારતીય એકતાનું પ્રતીક છે. સરદાર સાહેબનું કદ તેમના કાર્યોને કારણે હંમેશા ઉંચુ રહેશે, તે જ ભાવ મેં કંડાર્યો છે.'કેવડિયાનું પ્રાકૃતિક વાતાવરણ અને નર્મદાનો કિનારો કલાકારો માટે પ્રેરણારૂપ બન્યો હતો.

ગુજરાતમાં એક તરફ લોકો હર્ષોલ્લાસ સાથે ધૂળેટીની ઉજવણી કરી રહ્યા હતા, ત્યારે બીજી તરફ કેટલાક સ્થળોએ રંગોત્સવનો આ આનંદ માતમમાં ફેરવાઈ ગયો

# ગુજરાતમાં હોળી-ધૂળેટીના તહેવારમાં નદી-તળાવમાં ડૂબી જવાથી ૩૬ લોકોના મોત I અનેક પરિવારના માળા વીંખાયા

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ I

ગુજરાતમાં એક તરફ લોકો હર્ષોલ્લાસ સાથે ધૂળેટીની ઉજવણી કરી રહ્યા હતા, ત્યારે બીજી તરફ કેટલાક સ્થળોએ રંગોત્સવનો આ આનંદ માતમમાં ફેરવાઈ ગયો હતો. પર્વની ઉજવણી બાદ નદી, કેનાલ અને તળાવમાં ન્હાવા પડેલા કુલ ૩૬ લોકોના ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યા છે. આ અકસ્માતોમાં ક્યાંક બે સગા ભાઈઓએ તો ક્યાંક બે પિતરાઈ ભાઈઓએ સાથે જીવ ગુમાવ્યા છે, જ્યારે અંજાર નજીક બનેવીની નજર સામે જ સાળો પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. સામાન્ય રીતે ધૂળેટી દરમિયાન જાહેર જળસ્ત્રોતો પર ન્હાવા જવાની મનાઈ હોવા છતાં, લોકો અવાવરું સ્થળોએ પહોંચી જતા હોય છે. આવી ક્ષણિક બેદરકારી અંતે પરિવાર માટે આજીવનનું દુઃખ બની જતી હોય છે.અમદાવાદના કુબેરનગર અને નરોડા વિસ્તારના ચાર મિત્રો ગઈકાલે બપોરે નાના ચિલોડા પાસે નંદીગ્રામ નજીક સાબરમતી નદીમાં ન્હાવા પડ્યા હતા. નદીના ઊંડા પાણીમાં ગરકાવ થવાને કારણે કુબેરનગરના સંતોષીનગર વિસ્તારમાં રહેતા સાહિલ દિલીપભાઈ કોરી(ઉં.વ. ૨૧) અને દુર્ગેશભાઈ ઠાકુરદિન કોરી(ઉં.વ. ૨૧) તેમજ નરોડાના સન્ની અજયકુમાર યાદવ(ઉં.વ. ૨૮)નું કરૂણ મોત નીપજ્યું છે. આ બનાવના પગલે રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.કચ્છના અંજાર-આદિપુર રોડ પર શનિદેવ મંદિર પાસે આવેલી નર્મદા કેનાલમાં ધૂળેટી રમીને ન્હાવા પડેલા બે લોકોના ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યા છે. કેનાલમાં અચાનક પાણી છોડવામાં આવતા જળસ્તર વધી ગયું હતું, જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે. સાયફન નજીક ન્હાવા ગયેલા ત્રણ મિત્રો પૈકી બે તણાયા હતા, જેમાં ૯ વર્ષીય બાળક ભવ્યરાજસિંહ ઈન્દ્રસિંહ જાડેજાનું મૃત્યુ થયું છે. આવી જ રીતે અન્ય



એક ઘટનામાં કેનાલમાં ન્હાવા પડેલા સાળા-બનેવી પૈકી ગોપીભાઈ નારાયણભાઈ વડેચા(ઉં.વ. ૨૫)નું ડૂબી જવાથી મોત થયું છે.હળવદના કણબીપરા વિસ્તારમાં રહેતો જયસુખ દીલાભાઈ પટેલ નામનો યુવાન ગત તા. ૪ના રોજ નર્મદા કેનાલમાં ડૂબી ગયો હતો. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી અને પાણીમાંથી યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. આવી જ રીતે, મોરબીના ઉંચી માંડલ નજીક નર્મદા કેનાલમાં રાજસ્થાનનો સુરેશ ગુર્જર નામનો યુવાન ડૂબ્યો હોવાની માહિતી મળતા ફાયર ટીમે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જેનો મૃતદેહ આજે મળી આવ્યો છે. આ ઉપરાંત, અમરેલીના બહારપરામાં રહેતો ૧૭ વર્ષીય સમીર મહેશભાઈ સોલંકી ધુળેટી રમીને વિઠ્ઠલપુર નજીક શેત્રુંજી નદીમાં ન્હાવા ગયો હતો.

## જામનગરના મેઘપર ગામની ઓરડીમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ સાંપડ્યો

I પ્રતિનિધિ, જામનગર, તા.૬ I

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર મેઘપર ગામની એક ઓરડીમાંથી એક અજાણ્યો યુવાન મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યો છે. પોલીસે મૃતકની ઓળખ મેળવવા તજવીજ શરૂ કરી છે.જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલા મેઘપર ગામ સામે ક્રિષ્ના યુ.પી. ઢાબા પાછળ પોલાભાઈ નામના આસામીએ બનાવેલી ઓરડીઓમાં ૫૧ નંબરની ઓરડીમાં રહેતા ૨૫ વર્ષના એક અજાણ્યો યુવાન ગઈકાલે સાંજે મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યો છે. આ બાબતની મૂળ ખંભાળિયા શહેરના જોધપુર નાકા પાસેના વતની અને હાલમાં તે ઓરડીઓમાં બી-૧૫ માં રહેતા દીપકભાઈ કિશોરભાઈ ભટ્ટને જાણ થતાં તેઓએ પોલીસને જાણ કરી હતી.

## જામનગર નજીક સાપર ગામમાંથી દારૂના ૩૩૬ નંગ ચપલા સાથે એક આરોપી ઝડપાયો

I પ્રતિનિધિ, જામનગર, તા.૬ I

જામનગર-ખંભાળિયા હાઈવે પર શાપર ગામમાં વીજ કંપનીની બંધ ૫ ડેલી પડતર ઓફિસમાં દારૂનો જથ્થો રાખવામાં આવ્યો હોવાની બાતમી ૫ રથી પોલીસે પાડેલા દરોડામાં ૩૩૬ ચપલા સાથે શાપર ગામનો એક શખ્સ ઝડપાઈ ગયો છે.જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલા બેડ ગામથી આગળ શાપર ગામ નજીક એક પડતર મકાનમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી પરથી સિક્કા પોલીસ સ્ટેશનના સ્ટાફે ગઈરાત્રે શાપરમાં જીઈબીની બંધ ૫ ડેલી પડતર ઓફિસમાં દરોડો પાડ્યો હતો.આ ઓફિસમાં તલાશી લેવાતા ત્યાંથી ભારતીય બનાવટના અંગ્રેજી દારૂના ૩૩૬ ચપલા મળી આવ્યા હતા. આ જથ્થા સાથે શાપર ગામના અજયસિંહ રણજીતસિંહ જાડેજા ઉર્ફે લાલા નામના શખ્સની ધરપકડ કરાઈ છે. પોલીસે દારૂનો જથ્થો, એક મોબાઈલ મળી કુલ રૂ.૭૨૨૦૦૦નો મુદ્દામાલ કબજે લીધો છે. દરોડામાં ૩૩૬ ચપલા સાથે શાપર ગામનો એક શખ્સ ઝડપાઈ ગયો છે.

## અમદાવાદમાં ઓનલાઈન ચાલતા ક્રિકેટ બેટિંગ રેકેટનો પર્દાફાશ

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ I

અમદાવાદના નિકોલ વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલએ એક મોટા ક્રિકેટ બેટિંગ રેકેટ પર દરોડા પાડયા છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે સ્થળ પરથી મોબાઈલ ફોન, ટેબ્લેટ, લેપટોપ અને ટીવી સહિત કુલ ૩.૪૩ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.તપાસમાં સામે આવ્યું છે કે આ નેટવર્ક અત્યંત વ્યવસ્થિત રીતે ચલાવવામાં આવતું હતું, જેમાં વિદેશી નંબરો અને અલગ-અલગ બેટિંગ આઈડીનો ઉપયોગ કરીને ઓનલાઈન સટ્ટો રમાડવામાં આવતો હતો. આ દરોડામાં માત્ર સ્થાનિક કનેક્શન જ નહીં, પરંતુ આંતરરાજ્ય લિંક પણ બહાર આવી છે. તપાસમાં ખુલાસો થયો છે કે આરોપીઓ SATSPORT9 અને VIPBET૩૬૦ જેવી માસ્ટર આઈડી દ્વારા કરોડો રૂપિયાના સટ્ટાનું સંચાલન કરતા હતા.પોલીસ તપાસમાં દિલ્હીના આકાશ અને અનિલ કોટક નામના ઈસમોના નામ મુખ્ય સૂત્રધારો તરીકે ખૂલ્યા છે. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ ૪૬ જેટલા શખસોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. વિદેશી નંબરો દ્વારા ઓપરેટ થતા આ રેકેટના મૂળિયાં કેટલા ઊંડા છે તે જાણવા માટે એસએમસી એ વધુ તપાસ તેજ કરી છે અને ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.અમદાવાદના નિકોલ વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલએ એક મોટા ક્રિકેટ બેટિંગ રેકેટ પર દરોડા પાડયા છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે સ્થળ પરથી મોબાઈલ ફોન, ટેબ્લેટ, લેપટોપ અને ટીવી સહિત કુલ ૩.૪૩ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ચૂંટણીને લઈને સમગ્ર રાજ્યના વકીલ આલમમાં ભારે ઉત્તેજના અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી : ભાજપ, કોંગ્રેસ અને આપ સમર્થિત ઉમેદવારો વચ્ચે રસાકસીભર્યો જંગ

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ I

૬ઠ્ઠી માર્ચ શુક્રવારના રોજ ગુજરાત બાર કાઉન્સિલની પ્રતિષ્ઠાભરી ચૂંટણી યોજાઈ રહી છે. આ ચૂંટણીને લઈને સમગ્ર રાજ્યના વકીલ આલમમાં ભારે ઉત્તેજના અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. મહત્વની વાત એ છે કે આ વખતે પ્રથમવાર સમગ્ર મતદાન પ્રક્રિયા લાઈવ રેકોર્ડિંગ અને સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ યોજાશે, જે પારદર્શિતા લાવવા માટેનો એક મોટો નિર્ણય છે.૬ઠ્ઠી માર્ચે મતદાન થયા બાદ તમામ મતપેટીઓ ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે લાવવામાં આવશે. ૯મી માર્ચથી મતગણતરી શરૂ થશે અને ૧૪મી માર્ચ સુધીમાં અંતિમ પરિણામો જાહેર થવાની શક્યતા છે.આ વખતે કુલ ૨૫ સભ્યોને બદલે ૨૩ સભ્યો માટે




ચૂંટણી યોજાશે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ ૩૦% મહિલા અનામતને કારણે ૫ બેઠકો મહિલા વકીલો માટે ફાળવવામાં આવી છે.

ચૂંટણી મેદાનમાં ૭૯ પુરુષ અને ૨૦ મહિલા ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે.આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા વકીલ ઉમેદવારોએ પણ ઝંપલાવ્યું છે, જેના કારણે વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલી આ ચૂંટણીમાં રાજકીય રંગ પણ જોવા મળી રહ્યો છે. રાજ્યભરના અંદાજે ૭૭ હજારથી વધુ વકીલ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

આ માટે ૧૫૦થી વધુ મતદાન મથકો અને ૪૫૦થી વધુ પોલિંગ ઓફિસરોની નિમણૂક કરવામાં આવી છે.છેલ્લા ૨૭ વર્ષથી બાર કાઉન્સિલમાં 'સમરસ પેનલ'નો દબદબો રહ્યો છે, ત્યારે આ વખતે બદલાયેલા સમીકરણો અને પ્રેફરેન્શિયલ વોટિંગ પદ્ધતિમાં કોણ બાજી મારે છે તેના પર રાજ્યના ન્યાયતંત્રની નજર ટકેલી છે.૬ઠ્ઠી માર્ચ શુક્રવારના રોજ ગુજરાત બાર કાઉન્સિલની પ્રતિષ્ઠાભરી ચૂંટણી યોજાઈ રહી છે. આ ચૂંટણીને લઈને સમગ્ર રાજ્યના વકીલ આલમમાં ભારે ઉત્તેજના અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. મહત્વની વાત એ છે કે આ વખતે પ્રથમવાર સમગ્ર મતદાન પ્રક્રિયા લાઈવ રેકોર્ડિંગ અને સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ યોજાશે, જે પારદર્શિતા લાવવા માટેનો એક મોટો નિર્ણય છે.

## સંસ્કારી નગરી વડોદરામાં શરમજનક ઘટના! દાદાએ ૭ વર્ષની માસૂમ પૌત્રીને અડપલા કર્યાનો આક્ષેપ

I પ્રતિનિધિ, વડોદરા, તા.૬ I

સંસ્કારી નગરી વડોદરામાં માનવતાને લાંછન લગાડતી એક શરમજનક ઘટના સામે આવી છે. શહેરના સોમા તળાવ વિસ્તારમાં આવેલી વુડા આવાસ યોજનામાં એક કળિયુગી દાદાએ પોતાની જ ૭ વર્ષની માસૂમ પૌત્રી સાથે શારીરિક અડપલા કર્યા હોવાની ફરિયાદ થતાં સમગ્ર પંથકમાં અચંબા સાથે રોષની લાગણી ફેલાઈ ગઈ છે. પવિત્ર સંબંધને લજવતી આ ઘટનાને પગલે પરિવાર સહિત સ્થાનિક રહીશોમાં ચકચાર મચી છે.મળતી વિગતોમુજબ, ગત રાત્રિના સમયે આરોપી દાદા પોતાની પૌત્રીને કોઈ બહાને પોતાના રૂમમાં લઈ ગયા હતા. ત્યાં માસૂમ બાળકીની એકલતાનો લાભ ઉઠાવી વૃદ્ધે તેની સાથે અયોગ્ય રીતે સ્પર્શ કરી શારીરિક અડપલા શરૂ કર્યા હતા. દાદાની આ હરકતથી ગભરાયેલી બાળકીએ તુરંત જ રૂમની બહાર આવીને પોતાના પરિવારજનોને આપ વીતી જણાવી હતી. બાળકીના શબ્દો સાંભળીને પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.પુત્રી સાથે થયેલા આ દુષ્કૃત્ય મામલે બાળકીમો માતાએ જરાય ખચકાયા વગર કડક પગલાં લેવાનું નક્કી કર્યું હતું. વહૂએ પોતાના જ સસરા વિરુદ્ધ હિંમત દાખવી કપૂરાઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## સુરેન્દ્રનગર મનપાએ વધુ 3 બાકીદારોની મિલકત સીલ કરી

I પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૬ I

સુરેન્દ્રનગર મનપાએ વધુ ત્રણ બાકીદારોની મિલકત સીલ કરી છે. ત્રણેય મિલકતદારોને નોટિસ પાઠવ્યા બાદ પણ રૂ.૯.૪૬ લાખનો વેરો ભર્યો નહતો. સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વેરા વિભાગ દ્વારા શહેરમાં બાકી રહેલા મિલકત વેરાની વસૂલાત માટે સતત ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે ઝુંબેશ હેઠળ વેરો ન ભરનારા બાકીદારોને અગાઉ નોટિસો ફટકારવામાં આવી હતી તેમ છતાં વેરો ભરવામાં ન આવતા તેમની મિલકતો સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જેમાં ગૌરાંગભાઈની મિલકત પર રૂ. ૪,૧૩,૮૦૦ના બાકી વેરાના કારણે સીલ મારવામાં આવ્યું હતું તેમજ અનિલભાઈ ડાયાભાઈ પરમારની મિલકત પર રૂ. ૨,૩૩,૭૧૭ના બાકી વેરાના કારણે સીલ લગાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભારત જીનિંગ એન્ડ પ્રેસિંગ ફેક્ટરીની મિલકત પર રૂ.૩૦ લાખથી વધુના બાકી વેરાના કારણે સીલ મારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા અનેક બાકીદારો સામે આવી કાર્યવાહી નિયમિત રીતે ચાલુ રાખવામાં આવશે. સુરેન્દ્રનગર મનપાએ વધુ ત્રણ બાકીદારોની મિલકત સીલ કરી છે. ત્રણેય મિલકતદારોને નોટિસ પાઠવ્યા બાદ પણ રૂ.૯.૪૬ લાખનો વેરો ભર્યો નહતો.



### ગવર્નમેન્ટ પોલીટેકનિક અમદાવાદના વિદ્યાર્થીઓનો ઈનોવેશન ક્ષેત્રે દબદબો :

# ડો. મિશેલ પ્રજાપતિના માર્ગદર્શનમાં જીપીએના વિદ્યાર્થીઓએ ‘મેક ઇન ઇન્ડિયા’ અને ‘લેબ ટુ માર્કેટ’ અભિગમને કર્યો સાકાર

**એસએસઆઇપી ૨.૦ ના અસરકારક અમલીકરણથી જીપીએ અમદાવાદ બન્યું ઇનોવેશન હબઃ વિદ્યાર્થીઓએ વિકસાવી સ્વદેશી ફ્લાઇટ કંટ્રોલ સિસ્ટમ અને હાઇબ્રિડ VTOL ડ્રોન ટેકનોલોજી**

। આલેખન :- મિનેશ પટેલ, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ, તા.૬ ।





ગવર્નમેન્ટ પોલીટેકનિક અમદાવાદ આજે રાજ્યમાં ટેકનિકલ શિક્ષણના કેન્દ્ર તરીકે જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓના નવતર વિચારોને વાસ્તવિકતામાં બદલતા ‘ઈનોવેશન હબ’ તરીકે ઉભરી રહ્યું છે. જ્યારે પુસ્તકીયા જ્ઞાન પ્રયોગશાળાની મર્યાદા તોડીને સમાજની સમસ્યાઓના ઉકેલ શોધવા લાગે, ત્યારે ‘આત્મનિર્ભર ભારત’નો સંકલ્પ સાચા અર્થમાં ચરિતાર્થ થાય છે.

સંસ્થાની આ પ્રગતિના કેન્દ્રમાં વિદ્યાર્થીઓનું કૌશલ્ય અને સંસ્થાના ઈનોવેશન સેલની સક્રિયતા રહેલી છે. ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન વિભાગના વિદ્યાર્થીઓએ ડ્રોન ટેકનોલોજી અને એગ્રી-ટેક ક્ષેત્રે જે સિદ્ધિઓ મેળવી છે તે પ્રશંસનીય છે. આ સફળતા પ ાછળ એક સુવ્યવસ્થિત પ્રક્રિયા કાર્ય કરે છે, જેમાં વિદ્યાર્થીઓ સૌ પ્રથમ કૃષિ, પર્યાવરણ અને ઉદ્યોગ જગતની વાસ્તવિક સમસ્યાઓને ઓળખી તેનો માર્કેટ સર્વે કરે છે. ત્યારબાદ, ‘ડિઝાઈન થિંકિંગ’ અભિગમ અપનાવી, SSIP ૨.૦ ની નાણાકીય સહાયથી તે વિચારોને ‘પ્રૂફ ઓફ કોન્સેપ્ટ’ (PoC) અને પ્રોટોટાઈપમાં રૂપ ાંતરિત કરવામાં આવે છે.

ડૉ. મિશેલ પ્રજાપતિની મેન્ટરશિપ હેઠળ માત્ર ટેકનિકલ પાસાઓ જ નહીં, પણ પેટન્ટ ડ્રાફ્ટિંગ અને બિઝનેસ મોડલ કેનવાસ જેવી વ્યાવસાયિક વ્યૂહરચનાઓ પણ તૈયાર કરવામાં આવે છે.

આમ, મેન્ટરિંગથી લઈ સીડ ફંડિંગ સુધીના મજબૂત સહકારને કારણે આજે ઁછ ના અનેક પ્રોજેક્ટ્સ ‘મિનિમમ વાયેબલ પ્રોડક્ટ’ (MVP) બનીને સ્ટાર્ટઅપનું સ્વરૂપ લઈ રહ્યા છે, જે વિદ્યાર્થીઓને સાચા અર્થમાં ‘જોબ સીકર’ માંથી ‘જોબ ક્રિએટર’ બનાવી રહ્યા છે.SSIP કો-ઓર્ડિનેટર ડૉ. મિશેલ પ્રજાપતિ જણાવે છે કે, “અમારો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને માત્ર એન્જિનિયર બનાવવાનો નથી, પણ તેમને ‘જોબ ગીવર’ બનાવવાનો છે.

અમે SSIP ૨.૦ ના ₹૨૨ લાખના ફંડનો ઉપયોગ એવા પ્રોજેક્ટ્સ પાછળ કર્યો છે જે સીધી રીતે સમાજ કે સંરક્ષણ ક્ષેત્રે ઉપયોગી હોય. જ્યારે વિદ્યાર્થીનો આઈડિયા ‘પેટન્ટ’ સુધી પ હોંચે છે ત્યારે તે શૈક્ષણિક સંસ્થા માટે સૌથી મોટી સફળતા હોય છે.”

સંસ્થાને મળેલ SSIP ગ્રાન્ટ અને મહત્વના સંશોધનો:GPA અમદાવાદે SSIP ૨.૦ અંતર્ગત ફાળવવામાં આવેલી ₹૨૨,૦૦,૦૦૦ ની ગ્રાન્ટનો વ્યૂહાત્મક ઉપયોગ કર્યો છે. આ ફંડમાંથી સૌથી મોટો હિસ્સો એટલે કે ₹૧૬,૦૬,૩૬૬ (૭૩%) પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ માટે, ₹૩,૩૪,૮૦૦ (૧૫.૨૧%) પ ેટન્ટ ફાઈલિંગ (IP) માટે અને □૨,૯૮,૩૧૯ (૧૩.૫૫%) ઈનોવેશન જાગૃતિ પ્રવૃત્તિઓ પ ાછળ ખર્ચવામાં આવ્યા છે.

ડૉ. મિશેલ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ અનેક મહત્વાકાંક્ષી ‘પ્રૂફ ઓફ કોન્સેપ્ટ’ (POC) તૈયાર કર્યા છે, જેની આંકડાકીય વિગતો સંસ્થાની ગંભીરતા દર્શાવે છે:

- SKYNTRA – Autonomous UAV Monitoring System – ₹૧,૮૦,૦૦૦
- Aero_Bench - Y 1,60,000
- Safety Driven Communication for Tunnel & Mining – ₹1,50,000
- AI Enabled EEG Driven Games – ₹1,20,000
- Wall Climbing Fire Fighter Robot – ₹90,000
- Smart Pot for Plant – ₹76,500
- Ocean Cleaning Robot – ₹75,000
- Smart Nest for Sparrow – ₹20,000

વધુમાં, ડૉ. મિશેલને ટેકનિકલ શિક્ષણ વિભાગ અનેૈં રોપર તરફથી પ્રાપ્ત થયેલી કુલ ₹૫ લાખની સંશોધન ગ્રાન્ટનો લાભ પણ સંસ્થાને મળી રહ્યો છે. ‘વોલ ક્લાઈમ્બિંગ ફાયર ફાઈટર’ અને ‘ઓશન ક્લીનિંગ રોબોટ’ જેવા સામાજિક સમસ્યાઓનો ઉકેલ આપતા પ્રોજેક્ટ્સ સાબિત કરે છે કે ઁછ ના વિદ્યાર્થીઓ ભવિષ્યની ટેકનોલોજીના ખરા ઘડવૈયા બની રહ્યા છે.

**સ્વદેશી ટેકનોલોજીનો આવિષ્કાર: NAVIC આધારિત હાઈબ્રિડી-VTOL ડ્રોન**

GPA અમદાવાદના ઈસી વિભાગના વિદ્યાર્થીઓ પ્રધ્યુમન પ્રજાપતિ, આર્યન રાજ્યગુરુ અને નરેન્દ્ર નેવે દ્વારા વિકસિત આ ડ્રોન ‘મેક ઈન ઈન્ડિયા’નું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

- સ્વદેશી નેવિગેશનઃ ભારતીય GPS સિસ્ટમ NAVIC પર આધારિત હોવાથી તે સંરક્ષણ ક્ષેત્ર માટે અત્યંત સુરક્ષિત અને વિશ્વસનીય છે.
- અદભૂત કાર્યક્ષમતાઃ કાર્બન-ઁન્છ મટિરિયલથી બનેલું આ ડ્રોન ૧૮,૦૦૦ ફૂટની ઊંચાઈ અને ૧૦ કિમીની રેન્જમાં કાર્ય કરવા સક્ષમ છે.
- VTOL સુવિધાઃ રનવેની જરૂરિયાત વિના ઊભી ઉડાન (Vertical Take-off) અને લેન્ડિંગ કરી શકે છે, જે પહાડી વિસ્તારોમાં સર્વેલન્સ અને આપત્તિ વ્યવસ્થાપન માટે ક્રાંતિકારી છે.
- કિફાયતી ખર્ચઃ અત્યાધુનિક સુવિધાઓ હોવા છતાં આ ડ્રોન માત્ર ₹૫૦,૦૦૦ ના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે.

**સ્માર્ટ ખેતી તરફ ડગલું: ‘એગ્રીનોડ’ IoT સોલ્યુશન**

ખેતીમાં ટેકનોલોજીના ઉપયોગને વેગ આપવા વિદ્યાર્થી પવન વર્મા અને દિવ્યા પ ાનારાએ ‘એગ્રીનોડ’ (Agrinode) પ્રોજેક્ટ વિકસાવ્યો છે.

- રિયલ-ટાઈમ મોનિટરિંગઃ આ IoT આધારિત સિસ્ટમ જમીનનો ભેજ અને તાપમાનનો ડેટા એકત્રિત કરી સીધો વેબપેજ પર દર્શાવે છે, જેથી ખેડૂતો ગમે ત્યાંથી સચોટ નિર્ણય લઈ શકે છે.
- પાણીની બચતઃ આ ઈનોવેશન પ ાણીનો બગાડ અટકાવવા અને પાકની ગુણવત્તા સુધારવા માટે અત્યંત આશાસ્પદ છે.
- ભવિષ્યનું આયોજનઃ આગામી સમયમાં LoRa (Long Range) ટેકનોલોજી દ્વારા ઈન્ટરનેટ વગર પણ અનેક કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલા વિશાળ ખેતરોનું મોનિટરિંગ એકસાથે કરી શકાશે.

આ ઉપરાંત, સંસ્થાએ ‘સ્માર્ટ વોકિંગ સ્ટિક’ અને ‘સોલર ટ્રેકર’ જેવી અનેક ડિઝાઈન્સ અને પેટન્ટ્સ ગ્રાન્ટ કરાવી છે. ગવર્નમેન્ટ પોલીટેકનિક અમદાવાદના આચાર્ય શ્રી ભાસ્કર ઐયર જણાવે છે કે, “અમારી સંસ્થા ટીચિંગ-લર્નિંગની સાથે ઈનોવેશન અને ક્રિએટિવિટીને વિશેષ પ્રોત્સાહન આપે છે. SSIP ૨.૦ અંતર્ગત મળેલ ₹૨૨ લાખની ગ્રાન્ટનો અમે ૭૫ થી ૮૦% જેટલો મહત્તમ ઉપ યોગ કરીએ છીએ.”

ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) એક એવો મંચ પૂરો પાડે છે જ્યાં ઈનોવેશન, સ્ટાર્ટઅપ અને વિદ્યાર્થીઓની શક્તિ એકસાથે મળે છે. રાજ્ય સરકારની આ પોલિસી વિદ્યાર્થીઓને આર્થિક જોખમ લીધા વગર સંશોધન (ઈીજીટ્ઠષ્ઠિર) કરવાની આઝાદી આપે છે, જે અંતે દેશની ‘ઈનોવેશન ઈન્ડેક્સ‘ માં વધારો કરે છે.

સંસ્થાના ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનીકેશન વિભાગના વડા પ્રોફેસર મનીષ ચારેલ જણાવે છે કે, “વડાપ્રધાનશ્રીના ‘વિકસિત ભારત ૨૦૪૭’ના સ્વપ્નને સાકાર કરવા ટેકનિકલ યુવાઓનું યોગદાન અનિવાર્ય છે. ગુજરાત સરકારની જીજીૈં પોલિસી દ્વારા આજે વિદ્યાર્થીઓ પોતે જ ઈનોવેટિવ પ્રોડક્ટ્સ ડિઝાઈન કરી રહ્યા છે, જે દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક મજબૂત કદમ છે.”

## ગલતેશ્વર ખાતેની મહીસાગર અને ગળતી નદીના પટમાં ભક્તોનું કીડીયારું ઉભરાયું

। પ્રતિનિધિ, ઠાસરા, તા.૬ ।

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ ગળતેશ્વર મહાદેવ પાસેથી પસાર થતી ગળતી નદી અને મહીસાગર નદીના સંગમ સ્થાને ધૂળેટીના પર્વે માનવ મહેરામણ ઉમટી પડયું હતું. બંને નદીના સંગમ સ્થાને સવારના આઠથી રાતના આઠ વાગ્યા સુધી અંદાજે ચારથી પાંચ લાખ શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓએ નદીમાં શ્રદ્ધાની ડૂબકી લગાવી ધન્યતા અનુભવી હતી. આ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા નદીના પટમાં જ તંબુ બાંધીને કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવ્યો હતો. પોલીસની ટીમે ઊંડા પ ાણીના વહેણ પાસે દોરડા બાંધી નાહવા માટેની જગ્યા સીમિત કરી દીધી હતી. તેમજ નદીમાં બોટ, દોરડા, રબરની ટયુબ અને તરવૈયાઓની ટીમ સતત પ ેટ્રોલિંગમાં રહી હતી. માત્ર ખેડા જ નહીં, પરંતુ વડોદરા, ગાંધીનગર, મહેસાણા, પંચમહાલ, મોડાસા, હાલોલ અને ગોધરા સુધીના લોકો અહીં સ્નાન માટે આવ્યા હતા. લોકવાયકા મુજબ, મહીસાગરના પવિત્ર જળમાં સ્નાન કરવાથી થાક ઉતરી જાય છે, જેના કારણે છેલ્લા ચાર દિવસથી અહીં પ્રવાસીઓનો સતત પ્રવાહ જોવા મળ્યો હતો. ભારે ભીડને પગલે ઠાસરા-સેવાલીયા સ્ટેટ હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. અંબાવ રેલવે ફાટક પાસે રોડ વચ્ચે દોરડા બાંધીને સેવાલીયા ટ્રાફિક પોલીસે વાહનોનું નિયંત્રણ કર્યું હતું. અંબાવ ફાટકથી ગળતેશ્વરના મુખ્ય દરવાજા સુધી ટ્રાફિક જામ હોવા છતાં, સતત પેટ્રોલિંગને કારણે કોઈ અકસ્માત સર્જાયો નહોતો. ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ ગળતેશ્વર મહાદેવ પાસેથી પ સાર થતી ગળતી નદી અને મહીસાગર નદીના સંગમ સ્થાને ધૂળેટીના પર્વે માનવ મહેરામણ ઉમટી પડયું હતું. બંને નદીના સંગમ સ્થાને સવારના આઠથી રાતના આઠ વાગ્યા સુધી અંદાજે ચારથી પ ાંચ લાખ શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓએ નદીમાં શ્રદ્ધાની ડૂબકી લગાવી ધન્યતા અનુભવી હતી.






## તંત્રી લેખ..

# વધુ ઉંઘ અયોગ્ય છે

રાત અને દિનમાં પુરતી ઉંઘ મળી હોવા છતાં પણ જો કોઇ વ્યક્તિ દિવસભર ઉંઘ લેતી નજરે પડે છે તો તે આળસ નહી બલ્કે બિમારીના સંકેતો છે અને સાવધાન થઇ જવાની જરૂર છે. પુરતા પ્રમાણમાં ઉંઘ લીધા બાદ પણ હમેંશા જો ઉંઘ આવતી રહે છે તો ડિપ્રેશન, ઇન્સોમેનિયા, ડાયાબિટીસ, હાર્ટ ડિસિઝ અથવા તો અન્ય બિમારીના લક્ષણ હોઇ શકે છે. વય અને શારરિક સ્થિતી મુજબ તમામની ઉંઘ અથવા નિંદની અવધિ જુદી જુદી હોય છે. પરંતુ જરૂર કરતા વધારે પ્રમાણમાં ઉંઘ અને વધુ ઉંઘ છતાં પણ કમજોરી લાગે છે તો ખતરનાક સંકેતો છે. ઉંઘ પુરતા પ્રમાણમાં આવી હોવા છતાં સતત ઉંઘ ફિટ નહીં હોવાના સંકેતો આપે છે. કેટલીક બિમારી હોવાના સંકેત આપે છે જેને લઇને અમે વાત કરવા જઇ રહ્યા છીએ. હમેંશા ઉંઘ આવવી અને શરીરમાં કમજોરીનો અનુભવ થવાની બાબત ડિપ્રેશનનો સંકેત આપે છે. આવી સ્થિતીમાં વ્યક્તિનુ કોઇ પણ પ્રકારના કામમાં મન લાગતુ નથી. તેને દિવસભર ઉંઘતા રહેવાની ઇચ્છા થાય છે. ઓબ્સટક્ટિવ સ્લીપ એપ્રિયાનો સીધો સંબંધ ઉંઘ અને શ્વાસ લેવા સાથે સંબંધિત છે. આમાં ઉંઘી જવાની સ્થિતીમાં નાક અને મોના ઉપરના હિસ્સામાં હવા ભરાઇ જાય છે. જેના કારણે મોથી વ્યક્તિ શ્વાસ લેવાની શરૂઆત કરે છે. જ્યારે હવાના દબાણના કારણે નાકથી અવાજ આવવા લાગી જાય છે. આ બિમારીની સ્થિતીમાં ફેફસાને હવા બહાર નિકાળવા માટે ભારે મહેનત કરવી પડે છે. આ બિમારીના મુખ્ય લક્ષણમાં નીંદમાં બેચેની, અનુભવ કરવાની બાબત સામેલ છે. દિવસમાં વધારે ઉંઘી જવાની બાબત અને હમેંશા સુસ્ત રહેવાની બાબત પણ જોવા મળે છે. હમેંશા થાકનો અનુભવ થાય છે. કોઇ ચીજ પર મન લાગી શકતુ નથી. ઉંઘતી વેળા શ્વાસમાં અડચણો પણ ઉભી થાય છે. આ તમામ બાબતો સ્લીપ અપ્રિયામાં જોવા મળે છે. આવી જ રતે ફાઇબ્રોમાએલ્જિયા નામની તકલીફ પણ થઇ શકે છે. આ રોગનુ મુખ્ય કારણ ચોક્કસ છે. માંસપેશીમાં પીડાની સાથે સાથે થાક લાગે છે. આ બિમારીની યોગ્ય ઓળખ અને સમજ ન હોવાની સ્થિતીમાં આની સારવારમાં ખુબ સમય લાગે છે. ફાઇબ્રોમાયલ્જિયા મસ્કુલોસ્લેટલના કામને પ્રભાવિત કરે છે. જેના કારણે તંત્રિકા તંત્ર પણ યોગ્ય દિશામાં કામ કરી શકતા નથી. આવી સ્થિતીમાં એકાગ્રતાની કમી રહે છે. થાક પણ લાગે છે. ઇડિયોપૈથિક હાઇપરસોમનિયા પણ જોવા મળે છે. કેટલાક કેસમાં આ તકલીફ રહે છે . જેમાં રાતના ગાળા દરમિયાન પુરતી ઉંઘ લેવામાં આવી હોવા છતાં દિનમાં લાંબા સમય સુધી ઉંઘ આવે છે. આ બિમારીમાં વ્યક્તિ ૧૦ કલાકથી પણ વધારે સમય સુધી ઉંઘી જાય છે. વધારે પ્રમાણમાં ઉંઘ છતાં તેને રિલેક્સનો અનુભવ થતો નથી. તેને ફરી ઉંઘી જવાની ઇચ્છા હોય છે. આવી રી રિકરેન્ટ હાઇપરસોમનિયામાં વધારે ઉંઘ આવે છે. આમાં ૧૮ કલાક સુધી વ્યક્તિ ઉંઘે છે. જાણકાર નિષ્ણાંતા કહે છે કે ઇડિયોપૈથિક હાઇપરસોમનિયામાં ૧૦ કલાક કરતા પણ વધારે ઉંઘ વ્યક્તિને આવે છે. વધારે ઉંઘ થાક નહી પરંતુ બિમારીના સંકેત તરીકે છે.

# જ્યાંથી ખતમ ત્યાંથી નવી શરૂઆત

તલાકને લઇને સમાજમાં હમેંશા ચર્ચા રહે છે. તલાકના સંબંધમાં જાણકાર લોકો કહે છે કે તલાક એક ખરાબ સપના સમાન છે જ્યારે લગ્ન એક સારા સપના સમાન છે. તલાકની પિડા કોઇ વ્યક્તિ સહન કરવા માટે તૈયાર નથી પરંતુ કેટલાક લોકોની પરિણિત લાઇફ એટલી હદ સુધી વણસી જાય છે કે ઇચ્છા ન હોવા છતાં વ્યક્તિને આ પિડામાંથી પસાર થવાની ફરજ પડે છે. જાણકાર લોકો તો અહીં સુધી કહે છે કે જ્યાંથી તમામ બાબતો ખતમ થઇ ત્યાંથી નવેસરથી શરૂઆત કરવાની જરૂર હોય છે. શક્ય હોય ત્યાં સુધી મતભેદોને દુર કરવા માટે તમામે પ્રયાસ કરવા જોઇએ. જો કે આ બાબત મોટા ભાગના કેસમાં કરવામાં આવે છે પરંતુ આખરે તલાક થાય છે. તલાક વ્યક્તિને ઉદાસ, એકલાપણામાં ધકેલી નાંખે છે. સાથે સાથે તલાક આપને આર્થિક તંગી વચ્ચે છોડી દે છે. લાખ પ્રયાસ કરવામાં આવ્યા બાદ પણ આ જરૂરી નથી કે અસંતુષ્ટ અને નાખુસ લાઇફને આગળ વધારી દેવામાં આવે. લાઇફ ખુબ લાંબી અને કિંમતી છે આની કિંમત સમજી લેવામાં આવે તે જરૂરી છે. સકારાત્મક વિચારધારા સાથે આગળ વધવામાં આવે તે જરૂરી છે. ટેકનિક બદલાઇ રહી છે. યુગ બદલાઇ રહ્યા છે. પરંતુ તલાકશુદા સ્ત્રી પ્રત્યે સમાજની ધારણા બદલવાનુ નામ લેતી નથી. જેથી આજે પણ તલાક લીધેલી મહિલા એકલામાં રહેવાનુ પસંદ કરે છે. કારણ કે તલાક બાદ જ્યારે કોઇ મહિલા ફરી વાર ઘર બનાવવા માટે પ્રયાસ કરે છે ત્યારે તેને ખરી ખોટી સાંભળવાની ફરજ પડે છે. કદાચ આજ કારણ છે કે કેટલાક લોકો જ આ મોડ પર જીવનની નવી શરૂઆત શાન સાથે કરી શકે છે. મોટા ભાગના લોકો એકલાપણામાં જ જીવન ગાળવાનુ નક્કી કરે છે. તલાક બાદ એક નવા સંબંધની શરૂઆત કરનારા લોકો કહે છે કે લાઇફને શાન સાથે જીવવામાં આવે તે જરૂરી છે. કેટલાક રૂઢીવાદી લોકો કહે છે કે ભારતમાં મહિલાઓના બીજા વખત લગ્ન યોગ્ય નથી. કેટલાક વિષય અને પરિસ્થિતી એવી છે જેની સામે મહિલાઓને લડવાની ફરજ પડે છે. સામાજિક જાણકાર લોકો અને બુદ્ધિજીવી લોકો નક્કરપણે માને છે કે એક સંબંધ ખતમ થઇ ગયા બાદ બીજા સંબંધની શરૂઆત કરી શકાય છે. દરેક વ્યક્તિની પોતાની લાઇફ છે. તે કોઇ પણ રીતે જીવી શકે છે. વ્યક્તિએ પોતાની રીતે લાઇફ ગાળવી જોઇએ. તલાકની સાથે જીવન ખતમ થવાની ભાવના અથવા તો સમાજના ભયની સાથે લગ્ન નહીં કરવાની બાબત પણ યોગ્ય નથી. જો લાદેલી લાઇફ કોઇ વ્યક્તિ તલાક બાદ જીવે છે તો તે દિશામાં ફરી વિચારણા કરવાની જરૂર છે., લોકો શુ કહેશે તેને લઇને કોઇ ચિંતા કરવી જોઇએ નહીં. દુનિયાવાળા લોકોના ભયથી કોઇ વ્યક્તિ જીવાનુ છોડી શકે નહીં. કોઇ લગ્ન કરે, કોઇ વિલંબથી કરે, સાયકોલોજિસ્ટ નિષ્ણાંતોનુ કહેવુ છે કે સમાજની ભૂમિકા આજકલ સોશિયલ મિડિયા દ્વારા પણ અદા કરવામાં આવે છે. જેના કારણે લોકો બીજાના ફોટોને ખરાબ રીતે રજૂ કરવાના પ્રયાસ કરે છે. ખરાબ ટિપ્પણી કરવામાં આવે છે. મુશ્કેલમાં રહેતા લોકોને વધારે મુશ્કેલમાં મુકવાના પ્રયાસ સોશિયલ મિડિયામાં ચોક્કસ લોકો દ્વારા કરવામાં આવે છે. પોતે આ બાબતમાં આગળ રહે છે.



વિશેષ

લેખક : જગત પ્રકાશ નડ્ડા

**વૈશ્વિક સ્તરે, જેનરિક દવાઓ સુલભ આરોગ્યસંભાળ પ્રણાલીઓનો મૂળભૂત આધારસ્તંભ છે**

**દાયકાઓ સુધી, દવાઓનો ઊંચો ખર્ચ ભારતમાં લાખો લોકો માટે સ્વાસ્થ્ય અને સુખાકારીના માર્ગમાં મોટો આર્થિક અવરોધ બની રહ્યો હતો । સંદર્ભમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની પહેલ 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના', જે બ્રાન્ડેડ દવાઓની તુલનામાં નોંધપાત્ર રીતે ઓછી કિંમતે ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓ પૂરી પાડે છે**

# જાહેર આરોગ્યને મજબૂત બનાવવું : સસ્તી અને ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓ માટે જન ઔષધિ પરિયોજનાનું વ્યૂહાત્મક ઉત્ક્રાંતિ

**વિશ્વભરના ડોકટરો દ્વારા સૂચવવામાં આવતી બધી દવાઓના આશરે ૮૦-૯૦% હિસ્સો ધરાવે છે અને આવશ્યક દવાઓની પહોંચ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જોકે જેનરિક દવાઓ પેકેજિંગ, લેબલિંગ અને નિષ્ક્રિય ઘટકોના સંદર્ભમાં અલગ હોઈ શકે**

કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો સાચો માપદંડ ઘણીવાર તેના નાગરિકો આરોગ્ય જેવી પાયાની જરૂરિયાતો કેટલી સરળતાથી મેળવી શકે છે તેના પરથી પ્રતિબિંબિત થાય છે. દાયકાઓ સુધી, દવાઓનો ઊંચો ખર્ચ ભારતમાં લાખો લોકો માટે સ્વાસ્થ્ય અને સુખાકારીના માર્ગમાં મોટો આર્થિક અવરોધ બની રહ્યો હતો. આ સંદર્ભમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની પહેલ 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના' , જે બ્રાન્ડેડ દવાઓની તુલનામાં નોંધપાત્ર રીતે ઓછી કિંમતે ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓ પૂરી પાડે છે, તેણે જાહેર આરોગ્ય સંભાળમાં રહેલી મહત્વપૂર્ણ ખામીને દૂર કરીને ગહન અને વ્યવસ્થિત પરિવર્તન લાવ્યું છે.

વૈશ્વિક સ્તરે, જેનરિક દવાઓ સુલભ આરોગ્યસંભાળ પ્રણાલીઓનો મૂળભૂત આધારસ્તંભ છે. તેઓ વિશ્વભરના ડોકટરો દ્વારા સૂચવવામાં આવતી બધી દવાઓના આશરે ૮૦-૯૦% હિસ્સો ધરાવે છે અને આવશ્યક દવાઓની પહોંચ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જોકે જેનરિક દવાઓ પેકેજિંગ, લેબલિંગ અને નિષ્ક્રિય ઘટકોના સંદર્ભમાં અલગ હોઈ શકે છે, અભ્યાસોએ દર્શાવ્યું છે કે આ તફાવતો તેમની ઉપચારાત્મક અસરકારકતાને અસર કરતા નથી. જેનરિક દવાઓ ડોઝ, સલામતી, શક્તિ, ગુણવત્તા અને હેતુપૂર્વકના ઉપયોગની દ્રષ્ટિએ બ્રાન્ડેડ દવાઓની સમકક્ષ છે અને ઉત્પાદન અને ગુણવત્તાના સમાન કડક ધોરણોનું પાલન કરે છે.PMBJP એ માત્ર છૂટક વેચાણ માટેનો હસ્તક્ષેપ નથી; તે ભારતની આરોગ્ય પ્રણાલીના માળખાકીય સુદ્રઢીકરણનું પ્રતિનિધિત્વ કરે છે. આ બાબત આ વર્ષના જન ઔષધિ સપ્તાહની થીમ "જન ઔષધિ સસ્તી પણ, ભરોસાપાત્ર પણ, સ્વાસ્થ્યની વાત, બચતની સાથે" માં પ્રતિબિંબિત થાય છે, જે લાખો લાભાર્થીઓ સાથે મજબૂત રીતે જોડાય છે. ૧૮,૦૦૦ થી વધુ જન ઔષધિ કેન્દ્રોના સતત વિસ્તરતા નેટવર્ક દ્વારા, આ યોજનાએ સુનિશ્ચિત કર્યું છે કે દવાઓ બજારના દરો કરતા ૫૦% થી ૮૦% ઓછી કિંમતે ઉપલબ્ધ થાય, જે તમામ સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિ ધરાવતા પરિવારોને ટેકો આપે છે. ફિલ્ડ સર્વેક્ષણો દર્શાવે છે કે લાભાર્થીઓ ખર્ચમાં થતી બચત અને દવાઓની સુધારેલી પહોંચની પ્રશંસા કરે છે.યોજનાનું સ્કેલ તેના પ્રોડક્ટ બાસ્કેટમાં પણ જોવા મળે છે. જન ઔષધિ ૨,૧૧૦ દવાઓ અને ૩૧૫ સર્જિકલ ઉત્પાદનો ધરાવતી વિશાળ યાદી ઓફર કરે છે જે ૨૯ અલગ-અલગ રોગનિવારક ક્ષેત્રોને આવરી લે છે. 'ફાર્માસ્યુટિકલ્સ એન્ડ મેડિકલ ડિવાઈસીસ બ્યુરો ઓફ ઈન્ડિયા' (PMBI) ના સીધા માર્ગદર્શન હેઠળ, પોર્ટફોલિયોનું વિસ્તરણ એ એક ગતિશીલ, ડેટા-આધારિત પ્રક્રિયા છે જેમાં માર્કેટ એનાલિટિક્સ, હિતધારકોનું જોડાણ અને સમર્પિત નિષ્ણાત સમિતિની કડક દેખરેખ સામેલ છે, જે સુનિશ્ચિત કરે છે કે યોજના રાષ્ટ્રની વિકસતી આરોગ્ય આવશ્યકતાઓ અને ફાર્માકોલોજિકલ માંગણીઓ સાથે સુસંગત રહે.આ યોજનાનો વ્યાપ તેના ઉત્પાદન પોર્ટફોલિયોમાં પણ પ્રતિબિંબિત થાય છે. જન ઔષધિ ૨,૧૧૦ દવાઓ અને ૩૧૫ સર્જિકલ ઉત્પાદનોનો વ્યાપક સંગ્રહ પ્રદાન કરે છે, જે ૨૯ વિવિધ ઉપચારાત્મક ક્ષેત્રોને આવરી લે છે. 'ફાર્માસ્યુટિકલ્સ એન્ડ મેડિકલ ડિવાઈસીસ બ્યુરો ઓફ ઈન્ડિયા' (PMBI) ની સીધી દેખરેખ હેઠળ, પોર્ટફોલિયોનું વિસ્તરણ એક ગતિશીલ, ડેટા-આધારિત પ્રક્રિયા છે, જેમાં બજાર વિશ્લેષણ, હિસ્સેદારોની સંલગ્નતા અને સમર્પિત નિષ્ણાત સમિતિ દ્વારા સખત દેખરેખનો સમાવેશ થાય છે. આ ખાતરી કરે છે કે આ યોજના દેશની બદલાતી આરોગ્ય જરૂરિયાતો અને ફાર્માસ્યુટિકલ માંગણીઓ સાથે સુસંગત રીતે વિકસિત થતી રહે છે.મજબૂત નિયમનકારી દેખરેખ સાથે ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓ યુ.એસ., યુ.કે. અને યુરોપિયન યુનિયન જેવા અત્યંત નિયંત્રિત બજારો સહિત ૨૦૦ થી વધુ દેશોમાં વિશ્વાસપાત્ર સપ્લાયર બની છે. ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓ લેટિન અમેરિકા, આફ્રિકા અને પૂર્વી યુરોપ જેવા ઉભરતા બજારોમાં વિસ્તરણ કરી રહી છે.આ ઉદ્યોગ બાયોસિમિલર્સ (બાયોલોજિક દવાઓના જેનરિક વર્ઝન) પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે, તેમજ જટિલ જેનરિક અને સ્પેશિયાલિટી દવાઓ બનાવવા માટે સંશોધન અને વિકાસ (R&D) માં વધુ રોકાણ કરી રહ્યો છે. આ ભવિષ્યલક્ષી પહેલો ભારતને માત્ર વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ તરીકે જ નહીં પરંતુ સસ્તી દવાઓમાં ભાવિ ઈનોવેશન લીડર તરીકે પણ સ્થાપિત કરે છે.'ગુણવત્તા વિરુદ્ધ કિંમત'ની ચર્ચા ક્યારેક જાહેર ધારણાને પ્રભાવિત કરે છે. "સ્ત્ર" એ મલ્ટિ-લેયર્ડ ક્વોલિટી એશ્યોરન્સ ફ્રેમવર્ક દ્વારા એ માન્યતાને અસરકારક રીતે તોડી પાડી છે કે પરવડે તેવી કિંમત એટલે ઉત્પાદન ધોરણોમાં



બાંધછોડ. દવાઓ WHO-GMP પ્રમાણિત ઉત્પાદકો પાસેથી મેળવવામાં આવે છે, જે વૈશ્વિક ઉત્પાદન ધોરણોનું પાલન સુનિશ્ચિત કરે છે.

પ્રોટોકોલ સૂચવે છે કે દવાના દરેક બેચનું ફાર્મસીના શેલ્ફ પર પહોંચતા પહેલા નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરીઝ (NABL) દ્વારા માન્ય પ્રયોગશાળાઓમાં કડક પ્રમાણીકરણ કરવામાં આવે છે. આ દવાઓ ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦ નું પાલન કરે છે અને બ્રાન્ડેડ વિકલ્પોની સુરક્ષા અને અસરકારકતાના ધોરણો સાથે મેળ ખાય છે. ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે, પ્રી-પ્રોક્યોરમેન્ટ અને પોસ્ટ-પ્રોક્યોરમેન્ટ લેબોરેટરી પરીક્ષણ ઝીણવટભરી ચકાસણી સાથે હાથ ધરવામાં આવે છે. પ્રોજેક્ટની અમલીકરણ એજન્સી, PMBI, નિયમિતપણે દવાઓની ગુણવત્તાનું નિરીક્ષણ અને સમીક્ષા કરે છે જેથી સ્થાપિત નિયમોમાં કોઈ ખામી ન રહે.પાંચ અત્યાધુનિક વેરહાઉસ અને દેશભરમાં ૪૧ વિશિષ્ટ વિતરકો દ્વારા સમર્થિત IT-સક્ષમ વિતરણ નેટવર્ક એ સુનિશ્ચિત કર્યું છે કે સપ્લાય ચેઈન કોઈપણ અવરોધો સામે સ્થિતિસ્થાપક રહે.સુલભતા, ગુણવત્તા અને સસ્તી કિંમતના ત્રણ સ્તંભો પર ધ્યાન કેન્દ્રિત કરીને, "સ્ત્ર" એ લાખો લોકો માટે તબીબી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. સતત સંસ્થાકીય સહાય, વધતી જતી જનજાગૃતિ અને વધુ માળખાગત સુધારાઓ સાથે, દરેક જિલ્લામાં જન ઔષધિ કેન્દ્રનું વિઝન હવે દૂરની આકાંક્ષા નથી- હવે આ વિચાર ધીમે-ધીમે સ્પષ્ટ અને સકારાત્મક રૂપ લઈ રહ્યો છે અને વાસ્તવિકતા તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે."વિકસિત ભારત @૨૦૪૭" વિઝન હેઠળ એક મોટું ધ્યાન દરેક માટે મજબૂત, ન્યાયી અને સસ્તું આરોગ્ય તંત્ર બનાવવાનું છે. આમાં વધુ સારી હોસ્પિટલો, ઓછો તબીબી ખર્ચ, સારવારની સરળ પહોંચ અને સસ્તી દવાઓની ઉપલબ્ધતાનો સમાવેશ થાય છે. બહુ-ક્ષેત્રીય સહયોગ સાથે, PMBJP એ સાબિત કર્યું છે કે યોગ્ય સંસ્થાકીય વિઝન સાથે, આરોગ્ય સંભાળ ઉચ્ચ-ગુણવત્તાવાળી અને સાર્વત્રિક રીતે સુલભ બંને હોઈ શકે છે.



**મેડિસન : તબીબના કહેવા મુજબ દવા લેવાય તો વહેલી તકે ફાયદો...**

**દવા ખરીદતી વેળા તેની રિસિપ્ટ દવા વેચનાર અથવા તો કેમિસ્ટ પાસેથી ચોક્કસપણે લેવી જોઇએ દવાની ખરીદી કરતી વેળા દવા બનાવનાર કંપનીનુ નામ અથવા તો તેની એક્સપાયરી ડેટ ચોક્કસપણે જોઇ લેવી જોઇએ**

# દવા લેતા પહેલા ખાસ નિયમો સમજો

**આજે મોટા ભાગના લોકો ખુબ વ્યસ્ત લાઇફ જીવી રહ્યા છે આવા સમયમાં આરોગ્યને જાળવી શકતા નથી બિમાર થવાની સ્થિતીમાં તરત જ કામચલાઉ દવા જાતે જ લઇ લે છે**

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે બિમારી દરમિયાન જો તબીબના કહેવા મુજબ અને તેમની સલાહ મુજબ આગળ વધવામાં આવે તો વહેલી તકે સ્વસ્થ થવાની સંભાવના ૧૦ ટકા વધી જાય છે. જેથી કહેવામાં આવે છે કે દવા લેવા માટેના પણ કેટલાક નિતિ નિયમો અને કાયદા છે. આ તમામ નીતિ નિયમો અને કાયદાની ઉપેક્ષા કરી શકાય નહીં. કોઇ પણ ઉપેક્ષા કરવાની સ્થિતીમાં દર્દીની વહેલી તકે સ્વસ્થ થવાની તક ઘટી જાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે દવા કોઇ પણ કેમ ન હોય તે અમારા શરીરમાં અમુક ચોક્કસ સમય અને કલાક સુધી જ કામ કરે છે.

તબીબો તેના આધાર પર જ દવાના ડોઝ પણ બનાવે છે. સાથે સાથે તેના આધાર પર ડોઝ આપે છે. જો કોઇ તબીબ કોઇ બિમારીની સ્થિતીમાં દર્દીને એક દિવસમાં ત્રણ વખત લેવાની સલાહ આપે છે તો આનો અર્થ એ થાય છે કે દવાના ડોઝ આઠ કલાક સુધી શરીરમાં સક્રિય રહે છે. દવાની કોઇ પ્રતિકુળ અસર થઇ છે તો તેની જાણ તરત જ તબીબને કરવામાં આવે તે જરૂરી છે. દવાની ગોળીઓ,



કેપ્સુલ અથવા તો લિક્વિડ પ્રમાણમાં રહેલી દવાની બોટલોને યોગ્ય તાપમાન પર રાખવામાં આવે તે જરૂરી છે. દવાને બાળકના હાથમાં ન આવે તેવી જગ્યાએ રાખવામાં આવે તે પણ જરૂરીછે. કોઇ પણ દવાની ખરીદી પણ સત્તાવાર કેમિસ્ટથી જ કરવામાં આવે તે જરૂરી છે. દવા ખરીદતી વેળા તેની રિસિપ્ટ દવા વેચનાર અથવા તો કેમિસ્ટ પાસેથી ચોક્કસપણે લેવી જોઇએ. દવાની ખરીદી કરતી વેળા દવા બનાવનાર કંપનીનુ નામ અથવા તો તેની એક્સપાયરી ડેટ ચોક્કસપણે જોઇ લેવી જોઇએ. જો એક્સપાયરી ડેટ નિકળી ગઇ છે તો દવા તરત ફેંકી દેવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારની દવાનો ઉપયોગ કરવાની સ્થિતીમાં તે વધારે અસરકારક સાબિત થતી નથી. તેની આડ અસર પણ થઇ શકે છે. ક્યારેય પપણ અંધારામાં દવા લેવી જોઇએ નહી. કેટલીક વખત એવી ભુલ થઇ શકે છે જે જીવલેણ સાબિત થઇ શકે છે. નિષ્ણાંતો અને જાણકાર લોકો કહે છે કે તબીબ દ્વારા જેટલા દિવસની દવા લેવા માટે કહેવામાં આવ્યુ છે તેટલા દિવસ સુધી જ દવા લેવી જોઇએ. તબીબના નિર્દેશ મુજબ દવા લેવાથી કોઇ પણ બિમારીમાં સ્વસ્થ થવાની શક્યતા ૧૦ ટકા વધી જાયછે. વહેલી તકે સ્વસ્થ થવા માટે તબીબના દિશાનિર્દેશ મુજબ આગળ વધવાની જરૂર હોય છે. સામાન્ય રીતે એવુ બને છે કે દવા લીધા બાદ આરામ થવાની સ્થિતીમાં દવા બંધ કરી દેવામાં આવે છે. દવાનુ પ્રમાણ પોતાના મન અને સુવિધાથી ઘટાડી દેવાની સ્થિતીમાં પણ જે સ્થિતીમાં સુધારો થયો છે તેની પાછી માઠી અસર થઇ શકે છે. બીજી બાજુ આધુનિક સમયમાં લોકો તબીબો પાસે સલાહ લીધા વગર એન્ટી બાયોટિક્સ દવા લેતા થયા છે. આ બાબતની નિષ્ણાંતો અને તબીબોએ ગંભીર નોંધ લીધી છે. તબીબોએ કહ્યું છે કે તબીબોની જરૂરી સલાહ વગર કોઇ પણ દવા જાતે લઇ લેવાની બાબત ખતરનાક સાબિત થઇ શકે છે. તેની અનેક આડ અસર પણ થઇ શકે છે. આજે મોટા ભાગના લોકો ખુબ વ્યસ્ત લાઇફ જીવી રહ્યા છે. આવા સમયમાં આરોગ્યને જાળવી શકતા નથી. બિમાર થવાની સ્થિતીમાં તરત જ કામચલાઉ દવા જાતે જ લઇ લે છે. આ દવાથી ચોક્કસપણે રાહત મળે છે પરંતુ આ દવા કોઇ ઇલાજ નથી. આ દવા ખુબ ખતરનાક સાબિત થઇ શકે છે. કોઇ તકલીફ અંગે જાણ નહી હોવા છતાં જે તે તકલીફ અથવા તો પીડામાં દવા જાતે જ લઇ લેવામા આવે છે. તબીબો પાસે જવાનો સમય પણ કાઢી શકતા નથી. જેથી તાવ, સરદી ગરમી, ગળામાં દુખાવાની જાતે જ દવા લોકો લઇ લે છે. પરંતુ આવી દવા જાતે લઇ લેનાર લોકો દવાની અસર કેટલી હદ સુદી થઇ શકે છે તે જાણતા નથી. જાણીતા તબીબોનું કહેવુ છે કે એન્ટીબાયોટિક્સ એન્ટીમાઇક્રોબાઇલ એજન્ટ તરીકે પણ જાણીતી છે.

**બી અવેયર : રેડ મીટ ખાવાવાળી મહિલાઓમાં કેન્સરનો ખતરો વધુ । રેડ મીટ અને બ્રેસ્ટ કેન્સરના સંબંધ**

# રેડ મીટના ફાયદા વધારે છે કે નુકસાન વધારે છે તેને લઇને હેમંશા વિરોધોભાસી હેવાલ આવતા રહ્યા છે જેથી લોકોમાં હમેંશા દુવિધા રહે છે

રેડ મીટ ખાવાને લઇને નુકસાન છે કે ફાયદા તેને લઇને વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યા બાદ કેટલાક તારણ સપાટી પર આવ્યા છે. રેડ મીટના ફાયદા અને નુકસાનને લઇને વારંવાર હેવાલ આવતા રહે છે. હવે નવા અહેવાલ સપાટી પર આવ્યા છે. હાલમાં જ અમેરિકામાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે રેડ મીટ અને સ્તન કેન્સર અથવા તો બ્રેસ્ટ કેન્સર વચ્ચે સીધા સંબંધ રહેલા છે. ઇન્ટરનેશનલ જર્નલ ઓફ કેન્સરમા પ્રકાશિત હેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે.

સાત વર્ષ સુધી ૪૨૦૧૨ મહિલાઓને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો હતો. જુદા જુદા પ્રકારના મીટ વધુ પ્રમાણમાં ખાવાવાળી મહિલાઓને આ અભ્યાસના ભાગરૂપે આવરી લેવામાં આવી હતી. માંસ અથવા તો મીટ ખાવા અને તેને બનાવવાના તરીકા અંગે અભ્યાસ કરવામાં આવ્યા બાદ તારણ જારી કરવામાં આવ્યા છે. અભ્યાસના ગાળા દરમિયાન ૧૫૩૬ મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સર અંગે માહિતી મળી હતી. રેડ મીટ ઓછુ ખાવાવાળી મહિલાઓની તુલનામાં રેડ મીટ વધારે ખાવાવાળી મહિલાઓમાં સ્તન કેન્સરનો ખતરો વધારે જોવા મળ્યો છે.

રેડ મીટ વધારે ખાવાવાળી મહિલાઓમાં ખતરો ૨૩ ટકા વધારે રહ્યો છે. નિષ્ણાંતોના કહેવા મુજબ રેડ મીટમાં એવા વાયરસ હોય છે જે રોગ પ્રતિકારક ક્ષમતાને મજબુત બનાવે છે. શરીરમાં બળતરા થાય છે. આમાં ટ્યુમર કોશિકા પણ રહેલી હોય છે. જેથી આવી કોશિકા બનવાની ક્ષમતા વધી જાય છે. રેડ મીટને લઇને વિરોધાભાસી હેવાલ હમેંશા આવતા રહ્યા છે. આના મામલે કેટલાક અભ્યાસમાં રેડ મીટ ખતરનાક હોવાની વાત કરવામાં આવી છે. જ્યારે કેટલાક હેવાલમાં તેના ફાયદા હોવાની વાત કરવામાં આવી છે. જેના કારણે આને લઇને દુવિધા રહેલી છે.

તાજેતરમાં જ કરવામાં આવેલા એક અન્ય નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે રેડમીટ અથવા તો લાલ માંસમાં કાપ મુકનાર મહિલાઓમાં ડિપ્રેશન અને અન્ય તકલીફો વધવાનો ખતરો વધી જાય છે. અગાઉ કરતા જુદા તારણો નવા અભ્યાસમાં સપાટી ઉપર આવ્યા છે. રેડમીટ ખાવા અને નહીં ખાવાને લઇને વારંવાર અભ્યાસ થતા રહ્યા છે. કેટલાક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે રેડમીટ ખતરનાક છે. અને તે નુકશાન પહોંચાડે છે. નવા અભ્યાસમાં દાવો કરાયો છે કે રેડમીટ ઘટાડી દેનાર મહિલાઓમાં ડિપ્રેશનની શક્યતા વધી જાય છે. ઓસ્ટ્રેલિયામાં ડેકિન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યુ છે કે રેડમીટમાં કાપ મુકી દેનાર મહિલાઓ ડિપ્રેશનથી સામાન્ય મહિલાઓ કરતા બે વખત શિકાર થઇ શકે છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યુ છે કે ૧૦૦૦ જેટલી મહિલાઓને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસના કેટલાક રસપ્રદ અને તારણ જાણવા મળ્યા હતા. યુનિવર્સિટીના નિષ્ણાંતોએ કહ્યું છે કે અમે મૂળભુત રીતે માન્યે છે કે રેડમીટ માન્સિક આરોગ્ય માટે યોગ્ય નથી.

અગાઉના ઘણા દેશોમાં પણ અભ્યાસના આ મુજબના તારણ આવી ચુક્યા છે. જેમાં જણાવાવમાં આવ્યુ છે કે રેડમીટ ખાવાથી શારિરીક આરોગ્યને જોખમ રહે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે ઓછા પ્રમાણમાં રેડમીટ ખાવાથી એકંદરે આરોગ્ય માટે યોગ્ય છે. સપ્તાહમાં ત્રણથી ચાર પીસ પામ સાઇઝના રેડમીટ ખાવાની સલાહ આપવામાં આવી છે. જેનાથી ડિપ્રેશન અને અન્ય રોગ સામે લડવાની તાકત વધી જાય છે. રેડમીટમાં ખૂબ જ ઉચ્ચસ્તરના પોષક તત્વો હોય છે. જેમાં ઓમેગા-૩ ફેટી એસિડનો સમાવેશ થાય છે. જે શારિરીક આરોગ્યની સાથે સાતે માન્સિક આરોગ્ય માટે પણ યોગ્ય છે. ન્યુટ્રીશનના નિષ્ણાંત ડૉક્ટર જીવેશ શેટ્ટીએ કહ્યું છે કે રેડમીટમાં ઉપરતા પ્રમાણમાં પ્રોટીન હોય છે. જે ભુખને વધારવામાં પણ ઉપયોગી બને છે. ખુશ રાખવામાં મદદરૂપ બને છે. રેડમીટમાં વિટામીન બીના શોર્સ હોય છે જે વધુ ઉર્જા ભરવામાં મદદરૂપ બને છે. અલબત્ રેડમીટ આરોગ્ય માટે આદર્શ છે પરંતુ વધારે પડતા ફેટને ટાળવા પ્રમાણ ઓછો રાખવો જોઇએ.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




૮૦ કિમીની ઝડપે દોડી

# ભારતની પ્રથમ હાઇડ્રોજન ટ્રેનની ટ્રાયલ સફળ

। એજન્સી, નવી દિલ્હી, તા.૬ ।

ભારતે રેલવે ક્ષેત્રમાં ઈતિહાસ રચ્યો છે, હરિયાણાના જિન્દથી દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનની સફળતાપૂર્વક ટ્રાયલ કરવામાં આવી, આઠ ડબા સાથે આ ટ્રેન ૭૦થી ૮૦ કિમીની ઝડપે દોડી હતી. આશરે ૨૦ કિમી સુધી આ ટ્રેનને દોડાવીને તેની ટ્રાયલ કરવામાં આવી હતી, આગામી દિવસોમાં પણ આ જ પ્રકારનું પરિક્ષણ યથાવત રાખવામાં આવશે. ટ્રાયલ પૂર્ણ થઈ ગયા બાદ આમ નાગરિકો માટે તેને સામાન્ય ટ્રેનોની સાથે જ દોડાવવામાં આવશે. હરિયાણાના જિન્દમાં હાઈડ્રોજન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે, જેને પગલે આ વિસ્તારથી હાઈડ્રોજન ટ્રેન પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે જે આગામી દિવસોમાં હાઈડ્રોજન ટ્રેનો માટે દેશનું મુખ્ય કેન્દ્ર સ્થાન બની રહેશે. હાઈડ્રોજન ટ્રેનની અનેક ખાશિયતો છે જેમ કે ટ્રેન બહુ ઘોંઘાટ નથી કરતી, આ ટ્રેનને ભારતમાં જ ડિઝાઈન કરવામાં આવી છે.એક એન્જિન આગળ અને એક પાછળ લગાવવામાં આવ્યું છે. હાલમાં ડીઝલ એન્જિનથી ચાલતી ટ્રેનો પણ સક્રિય છે, જેમાં ગ્રીનહાઉસ ગેસ એમિશન (સીઓ-૨ અને એનઓએક્સ) અને ફોસિલ ફ્યૂલ (હાઈ સ્પીડ ડીઝલ) યોગ્ય રીતે બળી નથી શકતા જેને કારણે પ્રદૂષણ ફેલાય છે. જ્યારે ઈલેક્ટ્રિક ટ્રેનો આ ડીઝલથી ચાલતી ટ્રેનોનો એક વિકલ્પ છે પરંતુ તેને ચલાવવા પાછળ ખર્ચ બહુ થાય છે. ઓવરહેડ લાઈનોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વધુ ખર્ચ થાય છે.

વૈશ્વિક તેલ સંકટ વધારે ગાઢ બન્યું

# વૈશ્વિક તેલ બજારમાં હાહાકાર : હોર્મુઝ સ્ટ્રેટમાં ૯૨ ટકા ટ્રાફિક ઠપ । અમેરિકન વીમા કંપનીઓએ હાથ ઉંચા કર્યા

**રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૩ માર્ચના રોજ 'યુએસ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન' (ડીએફસી) ને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોનો વીમો લેવાનો આદેશ આપ્યો હતો । જેથી તેલનો સપ્લાય ચાલુ રહી શકે**

। એજન્સી, નવી દિલ્હી, તા.૬ ।

હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલા યુદ્ધના સંકટ વચ્ચે વૈશ્વિક તેલ પુરવઠાને લઈને અત્યંત ચિંતાજનક અહેવાલ સામે આવ્યા છે. ફાઈનાન્શિયલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ, અમેરિકાની વીમા ક્ષમતામાં મોટું ગાબડું પડતા દરરોજનું ૨ કરોડ બેરલ તેલ સપ્લાય થંભી ગયો છે. વૈશ્વિક તેલ સંકટ વધારે ગાઢ બન્યું છે. હોર્મુઝ સ્ટ્રેટમાં ૨ કરોડ બેરલ તેલનો પુરવઠો અમેરિકન વીમા કંપનીઓએ હાથ ઉંચા કરી લેતા ઠપ થયો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૩ માર્ચના રોજ 'યુએસ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન' (ડીએફસી) ને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોનો વીમો લેવાનો આદેશ આપ્યો હતો. જેથી તેલનો સપ્લાય ચાલુ રહી શકે. જોકે, નવા અહેવાલ મુજબ ડીએફસી પાસે આ વીમા પોલિસીઓ અન્ડરરાઈટ કરવા માટે જરૂરી $૩૫૨ બિલિયન સામે માત્ર ઈ૧૫૪ બિલિયન




જ ઉપલબ્ધ છે. આમ, અમેરિકા અત્યારે આશરે $૨૦૦ બિલિયન (અંદાજે ૧૬ લાખ કરોડ રૂપિયા) ની ખેંચ અનુભવી રહ્યું છે.

વીમાની અછત અને યુદ્ધના જોખમને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવરમાં ૯૨% સુધીનો મોટો ઘટાડો નોંધાયો છે. આ સાંકડા સમુદ્રી માર્ગેથી પસાર થતું દરરોજનું ૨૦ મિલિયન (૨ કરોડ) બેરલ કાચું તેલ અત્યારે અટકી ગયું છે. જો આ પુરવઠો લાંબો સમય અટવાયેલો રહેશે, તો વિશ્વભરમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ભયાનક ઉછાળો આવી શકે છે.ડીએફસીની લાયબિલિટી લિમિટ (જવાબદારી મર્યાદા) વધારવા માટે અમેરિકી કોંગ્રેસ દ્વારા નવો કાયદો પસાર કરવો જરૂરી છે. જ્યાં સુધી સંસદ મંજૂરી ન આપે ત્યાં સુધી ડીએફસી વધારાના જહાજોને વીમા કવચ પૂરું પાડી શકશે નહીં, જેનો સીધો અર્થ એ છે કે તેલના ટેન્કરો સમુદ્રમાં જ લંગરાયેલા રહેશે.હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વની તેલની સૌથી મહત્વની નસ છે.

જો આ ૨ કરોડ બેરલ તેલ બજારમાં નહીં પહોંચે, તો ભારત સહિતના તમામ આયાતકાર દેશોની અર્થવ્યવસ્થા ડગમગી શકે છે. વીમાના અભાવે જહાજ માલિકો જોખમ ખેડવા તૈયાર નથી, જેના કારણે સપ્લાય ચેઈન સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે.હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલા યુદ્ધના સંકટ વચ્ચે વૈશ્વિક તેલ પુરવઠાને લઈને અત્યંત ચિંતાજનક અહેવાલ સામે આવ્યા છે. ફાઈનાન્શિયલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ, અમેરિકાની વીમા ક્ષમતામાં મોટું ગાબડું પડતા દરરોજનું ૨ કરોડ બેરલ તેલ સપ્લાય થંભી ગયો છે. વૈશ્વિક તેલ સંકટ વધારે ગાઢ બન્યું છે.

## રાજ્યસભા ચૂંટણીઃ ભાજપના ઉમેદવારોનું લિસ્ટ જાહેર, નીતિન નબીન સહિત ૯ નામ

। એજન્સી, બિહાર, તા.૬ ।

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનને બિહારથી રાજ્યસભા ચૂંટણી માટે પક્ષના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ વિવિધ રાજ્યો માટે પોતાના ઉમેદવારોની યાદી બહાર પાડી છે. નીતિન નબીન અત્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે અને તેમની આ ઉમેદવારી બિહારમાં પક્ષની એક મોટી ચૂંટણી વ્યૂહનીતિનો ભાગ માનવામાં આવી રહી છે.બિહારમાં ખાલી પડતી પાંચ બેઠકો પૈકી ભાજપે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન અને શિવેશ કુમારને ઉમેદવાર બનાવ્યા છે. નીતિન નબીન પટનાના બાંકીપુરથી પાંચ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે અને તેમની ઉમેદવારી બિહારમાં પક્ષની મોટી વ્યૂહનીતિનો ભાગ છે. તેવી જ રીતે આસામની ત્રણ બેઠકો માટે તેરાશ ગોવાલા અને જોગેન મોહનને ટિકિટ આપવામાં આવી છે, જેઓ રાજ્ય સરકારમાં પણ સક્રિય ભૂમિકા ભજવી ચૂક્યા છે.હરિયાણામાં ભાજપે વહીવટી અનુભવ ધરાવતા સંજય ભાટિયાને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે પશ્ચિમ બંગાળથી જાણીતા ચહેરા રાહુલ સિંહાને ટિકિટ આપી છે. ઓડિશામાં ભાજપની સરકાર હોવાથી ત્યાં સ્થિતિ અનુકૂળ છે, જ્યાંથી મનમોહન સામલ અને સુજીત કુમાર ચૂંટણી લડશે. છત્તીસગઢની વાત કરીએ તો, મહિલા મોરચામાં સક્રિય એવા લક્ષ્મી વર્માને રાજ્યસભા મોકલવાની તૈયારી કરવામાં આવી છે.

## 'અમેરિકા-ઈઝરાયલને કોણે અધિકાર આપ્યો' ખામેનેઈની હત્યા મુદ્દે ભડક્યા ઓમર અબ્દુલ્લા

। એજન્સી, શ્રીનગર, તા.૬ ।

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પત્રકારો સાથેની વાતચીત દરમિયાન ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ અલી ખામેનેઈ અને તેમની પત્ની મંસૂરેહ ખોજસ્તેહની હત્યાની કડક શબ્દોમાં ટીકા કરી છે. તેમણે કહ્યું કે, અમેરિકા-ઈઝરાયલને ખામેનેઈની હત્યા કરવાનો કે ઘર્ષણ કરવાનો કોને અધિકાર આપ્યો છે? બહારના કોઈપણ દેશના હસ્તક્ષેપ વગર માત્ર ઈરાનના લોકોને જ પોતાનું નેતૃત્વ પસંદ કરવાનો અધિકાર છે. આ હત્યા દુર્ભાગ્યપૂર્ણ છે અને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ કોઈપણ દેશને અન્ય દેશ પર હુમલો કરવાનો કે અન્ય દેશોનું નેતૃત્વ બદલી નાખવાનો અધિકાર નથી.તેમણે જમ્મુ-કાશ્મીરના લોકોને અપીલ કરી છે કે, તેઓ પોતાની ભાવનાઓને નિયંત્રણમાં રાખે અને ગુસ્સા તેમજ દુઃખને શાંતિપૂર્ણ અને કાયદાને ધ્યાને રાખીને વ્યક્ત કરે. ઉલ્લેખનીય છે કે, ખામેનેઈના મોત બાદ જમ્મુ-કાશ્મીરમાં ઉગ્ર દેખાવો અને પ્રદર્શનો થયા હતા. અહીં બે દિવસનું બંધ પણ પાડવામાં આવ્યું હતું. કેટલાક ઠેકાણાઓ પર દેખાવકારો અને પોલીસ વચ્ચે ઘર્ષણ પણ થયાના અહેવાલો સામે આવ્યા હતા. પ્રદર્શનકારીઓ બેનરો સાથે બેરીકેડ તોડીને આગળ વધી રહ્યા હતા, ત્યારે પોલીસે પહેલા તેમને અટકાવવાનો અને પછી લાઠીચાર્જ કર્યો હતો.

ઉત્તર પ્રદેશમાં બેઠકોનો ધમધમાટ શરૂ થયો

# યુપીના રાજકારણમાં ગરમાવો! સીએમ યોગી સાથે આરએસએસની અઢી કલાક બંધબારણે બેઠક!!

**ગુરુવારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું પ્લેન હિંડન એરબેઝ પર લેન્ડ થયું હતું, ત્યારબાદ તેમનો કાફલો સીધો નેહરુ નગર સ્થિત સરસ્વતી વિદ્યા મંદિર પહોંચ્યો હતો**

। એજન્સી, લખનૌ, તા.૬ ।

બિહારમાં ૧૦ વખત મુખ્યમંત્રી રહી ચૂકેલા નીતીશ કુમારના રાજ્યસભામાં જવાના નિર્ણયે આખા દેશના રાજકારણમાં ખળભળાટ મચી ચુક્યો છે. દરમિયાન ઉત્તર પ્રદેશમાં પણ બેઠકોનો ધમધમાટ શરૂ થયો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગાઝિયાબાદમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના ટોચના પદાધિકારીઓ સાથે અઢી કલાક સુધી લાંબી ચર્ચા કરી છે.ગુરુવારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું પ્લેન હિંડન એરબેઝ પર લેન્ડ થયું હતું, ત્યારબાદ તેમનો કાફલો સીધો નેહરુ નગર સ્થિત સરસ્વતી વિદ્યા મંદિર પહોંચ્યો હતો. અહીં તેમણે મેરઠ પ્રાંતના સંઘના પદાધિકારીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં શું ચર્ચા થઈ તે અંગે અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.




જાણકારી અનુસાર, આ બેઠકનો મુખ્ય હેતુ સરકાર અને સંઘ વચ્ચે સમન્વય સાધવાનો હતો. આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંઘના પદાધિકારીઓ સાથે રણનીતિ ઘડવામાં આવી હતી. સીએમ યોગીએ સરકારના કામકાજ અંગે સંઘ પાસેથી ગ્રાઉન્ડ લેવલનું ફીડબેક મેળવ્યું હતું. સંઘના સભ્યોએ સરકારી હોસ્પિટલો અને શાળાઓમાં માળખાગત સુવિધાઓ સુધારવા તેમજ માનવ સંસાધન વધારવા પર ભાર મૂક્યો હતો.બેઠકમાં માત્ર વિકાસની જ નહીં, પણ વહીવટી ખામીઓની પણ ચર્ચા થઈ હોવાનું જાણવા મળે છે. પોલીસ સ્ટેશનોમાં વ્યાપેલા ભ્રષ્ટાચારનો મુદ્દો સંઘના પદાધિકારીઓએ ઉઠાવ્યો હતો. વર્તમાન કામોની સાથે ભવિષ્યના રોડમેપ પર પણ સંઘે સરકારને અનેક સૂચનો આપ્યા હતા. આ મહત્વની બેઠકમાં સંઘના અંદાજે ૪૦ જેટલા પદાધિકારીઓ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રીની સાથે યુપી ભાજપ પ્રદેશ પ્રમુખ પંકજ ચૌધરી, સંગઠન મંત્રી ધર્મપાલ સિંહ, ક્ષેત્ર સંઘચાલક સૂર્યપ્રકાશ ટોંક અને અન્ય દિગ્ગજ નેતાઓ પણ ઉપસ્થિત હતા. બેઠક બાદ મુખ્યમંત્રીએ સંઘના હોદ્દેદારો સાથે ભોજન પણ લીધું હતું.બિહારમાં ૧૦ વખત મુખ્યમંત્રી રહી ચૂકેલા નીતીશ કુમારના રાજ્યસભામાં જવાના નિર્ણયે આખા દેશના રાજકારણમાં ખળભળાટ મચી ચુક્યો છે. દરમિયાન ઉત્તર પ્રદેશમાં પણ બેઠકોનો ધમધમાટ શરૂ થયો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગાઝિયાબાદમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના ટોચના પદાધિકારીઓ સાથે અઢી કલાક સુધી લાંબી ચર્ચા કરી છે.

બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને એક ક્રાંતિકારી પગલું

## ૧૬ વર્ષથી નાના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ બેંગલુરુનો ઐતિહાસિક નિર્ણય

। એજન્સી, બેંગલુર, તા.૬ ।

ભારતમાં પહેલીવાર કોઈ રાજ્યએ બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને એક ક્રાંતિકારી પગલું ભર્યું છે. કર્ણાટક સરકારે રાજ્યમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ શુક્રવારે રાજ્યનું બજેટ (૨૦૨૬-૨૭) રજૂ કરતી વખતે આ મોટું એલાન કર્યું હતું.મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના મતે, બાળકોમાં મોબાઈલના વધતા જતા વપરાશની અત્યંત પ્રતિકૂળ અસરો જોવા મળી રહી છે. સરકાર ઈચ્છે છે કે, બાળકોમાં વધી રહેલી મોબાઈલ ફોનની લતને રોકવી જરૂરી છે. ઓનલાઈન ગેમિંગ અને સોશિયલ મીડિયાના કારણે બાળકોના શિક્ષણ, શારીરિક ફિટનેસ અને માનસિક સ્વાસ્થ્ય પર પડી રહેલી નકારાત્મક અસરો પડી રહી છે. ગયા મહિને બેંગલુરુમાં આયોજિત કુલપતિ સંમેલનમાં મુખ્યમંત્રીએ આ મુદ્દે ગંભીર ચર્ચા કરી હતી અને શિક્ષણવિદોના મંતવ્યો પણ મંગાવવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર પ્રતિબંધની સાથે સરકારે ટેકનોલોજી ક્ષેત્રે પણ મોટી જાહેરાતો કરી છે. બેંગલુરુ રોબોટિક્સ અને AI ઈનોવેશન ઝોનઃ IISc હેઠળના AI અને ટેક પાર્ક દ્વારા ISRO અને Keonics ના સહયોગથી એક અત્યાધુનિક રોબોટિક્સ અને AI કેમ્પસ સ્થાપવામાં આવશે. વિકાસ અને કલ્યાણનો સમન્વયઃ સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લાંબા ગાળાના આર્થિક પરિવર્તન સાથે જનકલ્યાણના કાર્યક્રમોને સંતુલિત કરવાની વ્યૂહરચના અપનાવી છે.પોતાનું ૧૭મું બજેટ રજૂ કરતા સિદ્ધારમૈયાએ કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે, કેન્દ્ર સરકાર ફેડરલ સિસ્ટમનું પાલન ન કરીને કર્ણાટક સાથે અન્યાય કરી રહી છે. તેમણે માંગ કરી હતી કે કેન્દ્ર સરકારે રાજ્યની માંગણીઓ પ્રત્યે વધુ સંવેદનશીલ બનવું જોઈએ. ઓસ્ટ્રેલિયા અને અન્ય ઘણા દેશો બાદ હવે ભારતનું કર્ણાટક રાજ્ય પણ બાળકોને ડિજિટલ દુનિયાના જોખમોથી બચાવવા માટે કડક કાયદા તરફ આગળ વધી રહ્યું છે.ભારતમાં પહેલીવાર કોઈ રાજ્યએ બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને એક ક્રાંતિકારી પગલું ભર્યું છે.

### ન્યૂઝ બ્રિફ



## બિહારના રાજકારણમાં મોટા ઉલટફેરની શક્યતા, નીતિશ કુમાર રાજ્યસભાની ચૂંટણી લડી શકે!

। એજન્સી, બિહાર, તા.૬ ।

બિહારના રાજકારણને લગતા એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને તેમની પાર્ટી જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) રાજ્યસભાની ચૂંટણી લડાવી શકે છે. જોકે આ વાત સાચી ઠરે તો નીતિશ કુમાર બિહારના સીએમ પદેથી હટી શકે છે.

જે બિહારના રાજકારણ માટે એક મોટો ઉલટફેર ભર્યો નિર્ણય સાબિત થશે. એવી પણ ચર્ચા છે કે જો નીતિશ કુમાર રાજ્યસભાની ચૂંટણી લડશે તો પછી સીએમ પદે બિહારના કોઈ નેતાની પસંદગી કરવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે નીતિશ કુમાર સતત ૯ વખત બિહારના મુખ્યમંત્રી પદે રહી ચૂક્યા છે.

તેઓ બિહારના ઈતિહાસમાં સૌથી વધુ વખત મુખ્યમંત્રી પદના શપથ લેનારા નેતા છે.માહિતી અનુસાર રાજ્યસભાની બેઠક પર પહેલા નીતિશ કુમારના દીકરા નિશાંત કુમારને ચૂંટણી લડાવવાની ચર્ચા કરાઈ હતી પણ હવે ખુદ નીતિશ કુમારનું નામ ચર્ચામાં છે. જેડીયુના કાર્યકારી અધ્યક્ષ સંજય ઝા પણ દિલ્હી રવાના થઈ ગયા છે. એવી ચર્ચા છે કે સંજય ઝા ભાજપના કેન્દ્રીય નેતૃત્વ સાથે સંપર્કમાં છે. બહારના રાજકારણને લગતા એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને તેમની પાર્ટી જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) રાજ્યસભાની ચૂંટણી લડાવી શકે છે. જોકે આ વાત સાચી ઠરે તો નીતિશ કુમાર બિહારના સીએમ પદેથી હટી શકે છે. જે બિહારના રાજકારણ માટે એક મોટો ઉલટફેર ભર્યો નિર્ણય સાબિત થશે.

## જવાબદારીથી છટકી રહી છે સરકારઃ ખામેનેઈના મોત અંગે મોદી સરકારના મૌન પર સોનિયા ગાંધીનો પ્રહાર

। એજન્સી, કોલકાતા, તા.૬ ।

કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈની ટાર્ગેટેડ હત્યાના મામલે મોદી સરકારની ચુપકીદી સામે આકરા પ્રહારો કર્યા છે. એક અખબારમાં લખેલા લેખમાં સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે, સરકારનું આ મૌન કોઈ તટસ્થતા નથી, પરંતુ જવાબદારીમાંથી પીછેહઠ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આ ઘટનાથી ભારતની વિદેશ નીતિની દિશા અને વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. સોનિયા ગાંધીએ આ મામલે સંસદમાં તાત્કાલિક ચર્ચા કરવાની પણ માંગ કરી છે.

## અનિલ અંબાણી મુશ્કેલીમાં, મુંબઈ-હૈદરાબાદમાં રિલાયન્સ પાવરના ૧૦થી ૧૨ ઠેકાણે ઇડીના દરોડા

। એજન્સી, મુંબઈ, તા.૬ ।

ઉદ્યોગપતિ અનિલ અંબાણીની મુશ્કેલીઓમાં ફરી એકવાર મોટો વધારો થયો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા શુક્રવારે તેમની ગ્રૂપ કંપની રિલાયન્સ પાવર લિમિટેડ સામે મની લોન્ડરિંગ કેસ હેઠળ મોટી કાર્યવાહી કરવામાં આવી છે.પ્રવર્તન નિદેશાલય દ્વારા શુક્રવારે અનિલ અંબાણીની માલિકીની રિલાયન્સ પાવર લિમિટેડ વિરુદ્ધ મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે મુંબઈ અને હૈદરાબાદમાં અનેક સ્થળોએ સર્ચ ઓપરેશન (દરોડા) હાથ ધરવામાં આવ્યા છે. અહેવાલ મુજબ, આ બંને શહેરોમાં કંપની અને તેના વરિષ્ઠ અધિકારીઓ સાથે જોડાયેલા આશરે ૧૦-૧૨ સ્થળો પર તપાસ ચાલી રહી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈડીની અંદાજે ૧૫ ટીમો દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસ કથિત બેંક છેતરપિંડી સાથે જોડાયેલો હોવાનું માનવામાં આવે છે, જેમાં અનિલ અંબાણીની ઘણી કંપનીઓની નાણાકીય લેવડદેવડ અને મની લોન્ડરિંગ અંગે ઈડી લાંબા સમયથી તપાસ કરી રહી છે.આ દરોડાએ અનિલ અંબાણીની આર્થિક અને સામાજિક પ્રતિષ્ઠા પર વધુ એક મોટો ફટકો માર્યો છે. રિલાયન્સ ગ્રૂપ પહેલેથી જ વિવિધ નાણાકીય મુશ્કેલીઓ અને દેવાના બોજ નીચે દબાયેલું છે. ઈડી દ્વારા શરૂ કરવામાં આવેલી આ તાજેતરની તપાસથી રિલાયન્સ પાવરના શેરમાં પણ ઘટાડો જોવા મળી શકે છે.ઉદ્યોગપતિ અનિલ અંબાણીની મુશ્કેલીઓમાં ફરી એકવાર મોટો વધારો થયો છે.

## મ.પ્ર.માં નાયબ મામલતદરે મંદિરમાંથી પોતાની ચંપલ ચોરનારને જાતે શોધ્યો

। એજન્સી, અગર માલવા, તા.૬ ।

મધ્ય પ્રદેશનાં અગર માલવા જિલ્લાનાં પ્રસિદ્ધ બગલામુખી માતા મંદિરમાંથી પોતાની ચંપલ ચોરી થવા પર એક નાયબ મામલતદારે સીસીટીવી કેમેરાની મદદથી ચોરને જાતે શોધ્યો હતો અને પોલીસને પત્ર લખી ચોરની સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી હતી તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે ચંપલ ચોરીની ઘટના સોમવારે બની હતી જ્યારે નાયબ મામલતદાર અરુણ ચંદ્રવંશી નલખેડા સ્થિત બગલામુખી મંદિરમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતાં. ચંદ્રવંશીએ ઘટના અંગે સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ (એસપી)ને સત્તાવાર રીતે પત્ર લખ્યો હતો. આ પત્રનો ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ જતાં લોકો અલગ અલગ પ્રકારની પ્રતિક્રિયાઓ આપી રહ્યાં છે.નાયબ મામલતદારે પત્રમાં જણાવ્યું હતું કે હું બપોરે ૩.૧૫ વાગ્યે બગલામુખી મંદિરમાં દર્શન માટે પહોંચ્યો હતો. મેં મારા ચંપલ રિસિપ્ટ કાઉન્ટર પાસે ઉતાર્યા હતાં. ૩.૨૫ વાગ્યે જ્યારે હું મંદિરમાંથી બહાર આવ્યો તો આ ચંપલ તેના નિર્ધારિત સ્થળે ન હતી. આ ચંપલ ૫૦૦ રૂપિયાની હતી.

**ઘાતક ડ્રોનનો દબદબો વધ્યો** | **બેંગલુરુ સ્થિત કંપની ન્યૂસ્પેસ રિસર્ચ ટેકનોલોજીસ દ્વારા વિકસાવવામાં આવેલું 'શેષનાગ-૧૫૦' એ સંપૂર્ણપણે સ્વદેશી લાંબી દૂરીનું 'લોયટરિંગ મુનિશન' ડ્રોન**

# યુદ્ધ વચ્ચે ભારતે પણ ઈરાનના શાહેદ ડ્રોન કરતાં વધુ ઘાતક અને એડવાન્સ્ડ હથિયાર બનાવ્યું

। એજન્સી, બેંગલુરુ, તા.૬ ।

યુદ્ધના મેદાનમાં હવે મોંઘા મિસાઈલો અને વિમાનોને બદલે સસ્તા પણ અત્યંત ઘાતક ડ્રોનનો દબદબો વધી રહ્યો છે. ઈરાનના શાહેદ-૧૩૬ અને અમેરિકાના LUCAS ડ્રોને દુનિયાને બતાવ્યું છે કે, કેવી રીતે ઓછી કિંમતના ડ્રોન દુશ્મનની કરોડોની એર ડિફેન્સ સિસ્ટમને પળવારમાં નષ્ટ કરી શકે છે. હવે ભારત પણ આ ડ્રોન વોરફેરમાં દુશ્મનોને જડબાતોડ જવાબ આપવા માટે તૈયાર છે.બેંગલુરુ સ્થિત કંપની ન્યૂસ્પેસ રિસર્ચ ટેકનોલોજીસ દ્વારા વિકસાવવામાં આવેલું 'શેષનાગ-૧૫૦' એ સંપૂર્ણપણે સ્વદેશી લાંબી દૂરીનું 'લોયટરિંગ મુનિશન' ડ્રોન છે.

ડ્રોન ૧૦૦૦ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવે છે અને હવામાં સતત ૫ કલાકથી વધુ સમય સુધી ઉડી શકે છે.

૨૫ થી ૪૦ કિલોગ્રામ સુધીના વિસ્ફોટકો લઈ જઈ શકે છે, જે દુશ્મનની ઈમારતો, રડાર અને વાહનોને તોડી પાડવા માટે પૂરતા છે. આ ડ્રોન એકલું નહીં, પરંતુ એકસાથે અનેક ડ્રોનના ઝુંડમાં હુમલો કરી શકે છે. આનાથી દુશ્મનની એર ડિફેન્સ સિસ્ટમ પર દબાણ વધે છે અને તે ફેલ થઈ જાય છે. જો દુશ્મન દેશ જીપીએસ જામ કરી દે, તો પણ આ ડ્રોન તેના ખાસ 'વિઝ્યુઅલ નેવિગેશન સિસ્ટમ' (કેમેરા) દ્વારા રસ્તો શોધી હુમલો કરી શકે છે.આ ડ્રોનની સૌથી મોટી શક્તિ તેનું સ્વદેશી મધર-કોડ સોફ્ટવેર છે. આ સોફ્ટવેર દ્વારા અનેક ડ્રોન એકબીજા સાથે કોર્ડિનેટ કરીને પોતે જ હુમલાનો પ્લાન



બનાવે છે. જો હુમલા દરમિયાન એકાદ ડ્રોન ખરાબ પણ થઈ જાય, તો બાકીના ડ્રોન હુમલો ચાલુ રાખી શકે છે. આ ટેકનોલોજીને કારણે તે ઈરાનના શાહેદ ડ્રોન કરતા પણ વધુ એડવાન્સ માનવામાં આવે છે.તાજેતરમાં યુક્રેન યુદ્ધ અને ભારત-પાકિસ્તાન વચ્ચેના 'ઓપરેશન સિંદૂર' જેવી ઘટનાઓએ સાબિત કર્યું કે સસ્તા ડ્રોન કેટલા ખતરનાક હોઈ શકે છે. પાકિસ્તાને સેંકડો સસ્તા ડ્રોન દ્વારા ભારતને થકવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતે અસરકારક ડ્રોન ટેકનોલોજીથી જવાબ આપ્યો હતો. શેષનાગ-૧૫૦ અત્યારે પરીક્ષણના તબક્કામાં છે અને તેને વર્લ્ડ ડિફેન્સ શોમાં પણ પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. જો આ ડ્રોન ભારતીય સેનામાં સામેલ થશે, તો ભારતની સૈન્ય શક્તિમાં ધરખમ વધારો થશે.યુદ્ધના મેદાનમાં હવે મોંઘા મિસાઈલો અને વિમાનોને બદલે સસ્તા પણ અત્યંત ઘાતક ડ્રોનનો દબદબો વધી રહ્યો છે. ઈરાનના શાહેદ-૧૩૬ અને અમેરિકાના LUCAS ડ્રોને દુનિયાને બતાવ્યું છે કે, કેવી રીતે ઓછી કિંમતના ડ્રોન દુશ્મનની કરોડોની એર ડિફેન્સ સિસ્ટમને પળવારમાં નષ્ટ કરી શકે છે.

# અમેરિકાએ ઈરાનના ૩૦ જહાજ ધ્વસ્ત કર્યા, દરિયામાં ભીષણ હુમલાઓ વચ્ચે ૨૩૦૦૦ ભારતીય નાવિકોના જીવને જોખમ





તહેરાન : અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા બાદ મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ) માં સ્થિતિ અત્યંત સ્ફોટક બની છે. આ સંકટને ટાળવા માટે સાઉદી અરેબિયાએ કૂટનીતિક મોરચો સંભાળ્યો છે, તો બીજીતરફ સંયુક્ત આરબ અમીરાતના અબજોપતિએ ટ્રમ્પને પત્ર લખીને આકરા સવાલો પૂછ્યા છે.અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધને કારણે સમુદ્રમાં કામ કરતા ભારતીય નાવિકો પર સંકટ વધી ગયું છે. લગભગ ૨૩૦૦૦ જેટલા ભારતીય નાવિકોના જીવ જોખમમાં હોવાની આશંકા વ્યક્ત કરાઈ છે. આ ચિંતાને ધ્યાનમાં રાખીને જ નાવિક સંગઠનોએ સરકારને આ મામલે તાત્કાલિક પગલાં ભરવાની અપીલ કરી છે. અમેરિકાના સૈન્યએ આજે મોટો ખુલાસો કર્યો હતો કે ઈરાન સામે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે અમારી સેનાએ મોટી કાર્યવાહી કરતાં ઈરાનના લગભગ ૩૦થી વધુ જહાજો તોડી પાડયા છે તેમાં એક ઈરાનનું ડ્રોન જહાજ પણ સામેલ છે. આ માહિતી અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના ચીફ એડમિરલ બ્રેડ કૂપરે આપી હતી.ઈરાનમાં થયેલા ભયાનક હુમલા અંગે એક ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. ન્યૂઝ એજન્સી રોઈટર્સના અહેવાલ મુજબ, અમેરિકાના સૈન્ય તપાસકર્તાઓનું માનવું છે કે ઈરાનની કન્યા શાળા પર થયેલા હુમલા માટે કદાચ અમેરિકન દળો જ જવાબદાર છે. આ હુમલામાં ૧૬૫ નિર્દોષ બાળકોના મોત થયા હોવાનું કહેવાય છે.

## પ્રિયંકા ચોપરાની વારાણસીનું હજુ છ માસનું શૂટિંગ બાકી




। એજન્સી, મુંબઇ, તા.૬ ।

પ્રિયંકા ચોપરા તથા મહેશબાબુની ફિલ્મ 'વારાણસી'નું શૂટિંગ ૧૪ મહિનાથી ચાલી રહ્યું છે અને હજુ તેનું છ માસનું શૂટિંગ બાકી છે. પ્રિયંકાએ જાતે કન્ફર્મ કર્યું હતું કે આ ફિલ્મનું હજુ છ મહિનાનું શિડયૂલ બાકી છે. ફિલ્મ શૂટિંગ માટે પ્રિયંકા ભારત અને અમેરિકા વચ્ચે અવરજવર કરી રહી છે. રાજામૌલીની આ મહત્વાકાંક્ષી ફિલ્મ એપ્રિલ ૨૦૨૭માં રીલિઝ કરવાનું હાલ નક્કી કરાયું છે. પ્રિયંકાએ કહ્યું હતું કે મેં છ વરસથી મેં ભારતની કોઈ ફિલ્મમાં કામ કર્યું નહતું. પરંતુ રાજામૌલીની વારાણસીની ઓફરને નકારી શકી નહોતી. રાજામોલી ભારતના સૌથી પ્રતિભાશાળી દિગ્દર્શકોમાંનો એક છે.ફિલ્મનાં શૂટિંગ માટે તેલંગણામાં જ વારાણસીનો સેટ તૈયાર કરાયો છે. આ ઉપરાંત ફિલ્મના કેટલાક ભાગનું શૂટિંગ ઓડિસામાં તથા કેટલાક ભાગનું શૂટિંગ આફ્રિકામાં થયું છે. પ્રિયંકા ચોપરા તથા મહેશબાબુની ફિલ્મ 'વારાણસી'નું શૂટિંગ ૧૪ મહિનાથી ચાલી રહ્યું છે અને હજુ તેનું છ માસનું શૂટિંગ બાકી છે. પ્રિયંકાએ જાતે કન્ફર્મ કર્યું હતું કે આ ફિલ્મનું હજુ છ મહિનાનું શિડયૂલ બાકી છે. ફિલ્મ શૂટિંગ માટે પ્રિયંકા ભારત અને અમેરિકા વચ્ચે અવરજવર કરી રહી છે.

### ૨૮ ફેબ્રુઆરી જ્યારથી યુદ્ધ શરૂ થયું ત્યારથી જ કામકાજ ઠપ્પ થઈ ગયું

## યુદ્ધને કારણે ભારતને મોટું નુકસાન । ફળ-શાકભાજી ભરેલા ૮૦૦ થી ૧૦૦૦ કન્ટેનર દુબઈમાં ફસાયા!!

**મધ્ય પૂર્વમાં સંઘર્ષના કારણે મહારાષ્ટ્ર સહિત દેશભરના ખેડૂતો અને નિકાસકારોને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો, મહારાષ્ટ્રથી ખેત ઉત્પાદનો સાથે ગયેલા ૮૦૦ થી ૧૦૦૦ કન્ટેનર દુબઈના જેબેલ અલી બંદર પર ફસાયા**

। એજન્સી, દુબઈ, તા.૬ ।

મધ્ય પૂર્વમાં સંઘર્ષના કારણે મહારાષ્ટ્ર સહિત દેશભરના ખેડૂતો અને નિકાસકારોને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો, મહારાષ્ટ્રથી ખેત ઉત્પાદનો સાથે ગયેલા ૮૦૦ થી ૧૦૦૦ કન્ટેનર દુબઈના જેબેલ અલી બંદર પર ફસાયા છે. ૨૮ ફેબ્રુઆરી જ્યારથી યુદ્ધ શરૂ થયું ત્યારથી જ કામકાજ ઠપ્પ થઈ ગયું છે. કન્ટેનરનું અલગ અલગ દેશોમાં એક્સપોર્ટ રોકાઈ જતાં લાખો કરોડોનું નુકસાન થઈ રહ્યું છે. દુબઈનું જેબેલ અલી બંદર મધ્ય પૂર્વનું એક મુખ્ય પોર્ટ છે. જે ખાડી ક્ષેત્રોમાં ભારત સહિત અનેક દેશોના ખેત ઉત્પાદનોનું વિતરણનું મહત્વનું કેન્દ્ર છે. જો કે યુદ્ધ બાદ સ્થિતિ તંગ થઈ જતાં કામકાજ સંપૂર્ણ રીતે ઠપ્પ થઈ ગયું છે. જે કારણે દુબઈ પહોંચેલા કે ભારતથી જઈ રહેલા ઘણા શિપ મેન્ટ બંદર પર ફસાઈ ગયા છે.



ફસાયેલા કન્ટેનરોમાં મુખ્ય રૂપે ઓછા ટકી શકે તેવા કેળા, દ્રાક્ષ, દાડમ, તરબૂચ, પાંદડાવાળા શાકભાજી અને ડુંગળીનો સમાવેશ થાય છે. જે મોટા ભાગે મહારાષ્ટ્રથી નિકાસ થાય છે. કન્ટેનરો અટવાઈ જતાં હવે તે ખરાબ થઈ જવાની ભીતિ છે. જેનો મતલબ છે કે નિકાસકારોને ભારે નુકસાન થશે, કારોબારો ઓછો થતાં જેની સીધી અસર ખેડૂતોને થશે. ઈરાનના બંદરો પર ફળફૂટની નિકાસ કરતાં ૬૦૦-૭૦૦ કન્ટેનર ફસાયેલા છે

મુંબઈના જવાહરલાલ નેહરુ બંદર પર દુબઈ જનારી દ્રાક્ષના લગભગ ૮૦ કન્ટેનર અત્યાર સુધીમાં અનલોડ જ થયા નથી. નાસિકથી નિકાસ માટે આવી રહેલા ૨૦૦થી વધુ કન્ટેનર બંદર બહાર ફસાયેલા છે. જેથી ભારે જામ પણ લાગી ગયો છે. ખેડૂત સંગઠનોએ સરકારી સહાયની માગ ઉઠાવતા કહ્યું છે કે, પ્રતિ ક્વિન્ટલ ૧૫૦૦ રૂપિયાની સબસિડી સાથે ફસાયેલા કન્ટેનરોને બંદર વેરાથી પણ માફી આપવામાં આવે. નિકાસકારોની સહાય માટે એક અસ્થાયી ખરીદ યોજના લાગુ કરવામાં આવે જેથી તેમના આર્થિક નુકસાનમાં થોડી ભરપાઈ થાય.

આ ઉપરાંત ખાંડની નિકાસમાં પણ મોટો ફટકો પડે તેવા એંધાણ છે, કેન્દ્રએ આ સિઝન માટે ૨૦ લાખ ટન ખાંડના નિકાસની મંજૂરી આપી છે. પરંતુ નિકાસકારોનું અનુમાન છે કે હાલની સ્થિતિઓને કારણે માત્ર ૫ લાખ ટન ખાંડ જ વિદેશની બજારો સુધી પહોંચાડી શકાશે. મધ્ય પૂર્વમાં સંઘર્ષના કારણે મહારાષ્ટ્ર સહિત દેશભરના ખેડૂતો અને નિકાસકારોને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો, મહારાષ્ટ્રથી ખેત ઉત્પાદનો સાથે ગયેલા ૮૦૦ થી ૧૦૦૦ કન્ટેનર દુબઈના જેબેલ અલી બંદર પર ફસાયા છે.

### કતારના ઊર્જા મંત્રીની વિશ્વને શાંતિની અપીલ

## ગલ્ફ દેશોએ ઓઇલ-ગેસની નિકાસ બંધ કરવી પડશે! યુદ્ધ વચ્ચે કતારની ચેતવણીથી દુનિયાભરમાં ફફડાટ

**યુદ્ધને પગલે શિપિંગ રૂટ્સ લાંબા સમય સુધી બંધ રહેશે અને નિકાસકારોના જહાજોની સુરક્ષા જોખમાશે, તો સપ્લાય ચેઇન તૂટી જશે : કતાર ઊર્જા મંત્રી**

। એજન્સી, કતાર, તા.૬ ।

કતારના ઊર્જા મંત્રીની વિશ્વને શાંતિની અપીલ સાથે ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું કે, જો યુદ્ધને પગલે શિપિંગ રૂટ્સ લાંબા સમય સુધી બંધ રહેશે અને નિકાસકારોના જહાજોની સુરક્ષા જોખમાશે, તો સપ્લાય ચેઈન તૂટી જશે. સપ્લાય ચેઈન તૂટશે તો સેમિકન્ડક્ટરથી લઈને સામાન્ય પરિવહન સુધીના તમામ ક્ષેત્રો પર અત્યંત ગંભીર રીતે નકારાત્મક અસર પડશે. જેના કારણે વૈશ્વિક રીતે અનેક પ્રકારના સંકટો પેદા થઈ શકે છે. કતારના ઊર્જા મંત્રી સાદ અલ-કાબીએ ચેતવણી આપી છે કે, જો મધ્ય પૂર્વમાં ચાલી રહેલું યુદ્ધ નહીં અટકે, તો મહત્તમ એક મહિનામાં ખાડી દેશોમાંથી થતી ઊર્જા નિકાસ સંપૂર્ણપણે ઠપ થઈ શકે છે. જો એવું થશે તો વૈશ્વિક સ્તરે ફ્યૂલની અછત સર્જાશે અને મોંઘવારી પણ ચરમસીમાએ પહોંચી જશે. જો યુદ્ધને પગલે શિપિંગ રૂટ્સ ઘણા લાંબા સમય સુધી બંધ રહેશે અને નિકાસકારોના જહાજોની સુરક્ષા જોખમાશે, તો સપ્લાય ચેઈન જ તૂટી જશે. તે સ્થિતિમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગથી લઈને સામાન્ય પરિવહન સુધીની તમામ સેવા પર નકારાત્મક અસર પડી શકે છે. આ કારણસર વિવિધ દેશમાંથી ઉચ્ચ સ્તરીય રાજદ્વારી હસ્તક્ષેપ દ્વારા શાંતિ નહીં સ્થપાય, તો વિશ્વએ મોટા આર્થિક આંચકા માટે તૈયાર રહેવું પડશે.ઈઝરાયલ-અમેરિકાના હુમલાના જવાબમાં ઈરાને ખાડી દેશો પર સતત હુમલા ચાલુ રાખ્યા છે. આ સ્થિતિમાં ૨ માર્ચે કતારે લિક્વિફાઈડ નેચરલ ગેસ(એલએનજી)નું ઉત્પાદન અટકાવી દીધું હતું. કતાર વૈશ્વિક પુરવઠાના આશરે ૨૦% જેટલા ગેસનું ઉત્પાદન કરે છે, જે એશિયા અને યુરોપના બજારોમાં ઈંધણની માંગ અને પુરવઠાનું સંતુલન જાળવવામાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ સ્થિતિમાં વૈશ્વિક સ્તરે ઊર્જા સંકટ વધુ ઘેરું થવાની આશંકા છે. નોંધનીય છે કે, ૧ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ કતારે ઓપેક દેશોમાંથી સભ્યપદ પાછું ખેંચી લીધું હતું. કતાર ૬૦ વર્ષ સુધી ઓપેકનું સભ્ય હતું, પરંતુ એલએનજીના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવા કતારે આ નિર્ણય લીધો હતો.કતારના ઊર્જા મંત્રીની વિશ્વને શાંતિની અપીલ સાથે ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું કે, જો યુદ્ધને પગલે શિપિંગ રૂટ્સ લાંબા સમય સુધી બંધ રહેશે અને નિકાસકારોના જહાજોની સુરક્ષા જોખમાશે.

## દીપિકાએ હોલિવુડની ધી વ્હાઈટ લોટસ સીરિઝ છોડી દીધી



। એજન્સી, મુંબઈ, તા.૬ ।

દીપિકા પદુકોણે એમી પુરસ્કાર વિજેતા સીરિઝ 'ધી વ્હાઈટ લોટસ'ની ચોથી સીઝન છોડી દીધી છે.આ સીરિઝમાં કાસ્ટિંગ માટે ઓડિશન આપવું અનિવાર્ય હતું. પરંતુ, દીપિકા તે માટે તૈયાર થઈ ન હતી. આખરે મતભેદોને પગલે તેણે આ શો છોડી દીધો છે. છેલ્લા થોડા મહિનાઓથી દીપિકા આ સીરિઝ કરી રહી હોવાની ચર્ચાઓ હતી. 'ધી વ્હાઈટ લોટસ'ના નિર્માતાઓ લાંબા સમયથી દીપિકાને આ શોમાં લેવા ઉત્સુક હતા.

આ પહેલાની સીઝન માટે પણ અભિનેત્રીનો સંપર્ક કરવામાં આવ્યો હતો ત્યારે તે ગર્ભવતી હોવાથી તે સ્વીકારી શકી નહોતી. આ પછી તે શોની આગામી સીઝનમાં કામ કરવા તૈયાર થઈ હતી. ઉલ્લેખનીય છે કે ભારતમાં દીપિકા 'સ્પિરિટ' તથા 'કલ્કિ ટુ' સહિતની ફિલ્મો પણ છોડી ચૂકી છે. દીપિકા પદુકોણે એમી પુરસ્કાર વિજેતા સીરિઝ 'ધી વ્હાઈટ લોટસ'ની ચોથી સીઝન છોડી દીધી છે.આ સીરિઝમાં કાસ્ટિંગ માટે ઓડિશન આપવું અનિવાર્ય હતું. પરંતુ, દીપિકા તે માટે તૈયાર થઈ ન હતી. આખરે મતભેદોને પગલે તેણે આ શો છોડી દીધો છે. છેલ્લા થોડા મહિનાઓથી દીપિકા આ સીરિઝ કરી રહી હોવાની ચર્ચાઓ હતી. 'ધી વ્હાઈટ લોટસ'ના નિર્માતાઓ લાંબા સમયથી દીપિકાને આ શોમાં લેવા ઉત્સુક હતા. આ પહેલાની સીઝન માટે પણ અભિનેત્રીનો સંપર્ક કરવામાં આવ્યો હતો ત્યારે તે ગર્ભવતી હોવાથી તે સ્વીકારી શકી નહોતી.

## મિડલ ઈસ્ટ યુદ્ધમાં સૌથી મોટો વળાંક! ટ્રમ્પનો દાવો, 'ઈરાન મને ફોન કરી રહ્યું છે પણ...'

। એજન્સી, વોશિંગ્ટન, ૬ ।

ઈરાન વિરુદ્ધ ચાલી રહેલા સૈન્ય અભિયાન અંગે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક અત્યંત મહત્ત્વનું નિવેદન આપ્યું છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, અમેરિકા અને ઈઝરાયલના સૈન્ય દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલાઓને કારણે ઈરાનનું સૈન્ય અને આર્થિક માળખું ભાંગી પડ્યું છે, જેના પરિણામે તે હવે મંત્રણા માટે તૈયાર થયું છે. ૨૦૨૫ એમએલએસ ચેમ્પિયન ઈન્ટર મિયામી સીએફના સન્માનમાં આયોજિત એક કાર્યક્રમમાં ટ્રમ્પે આ ખુલાસો કરતાં કહ્યું હતું કે, 'ઈરાન હવે પોતે ફોન કરીને સમજૂતી માટે રસ્તો માંગી રહ્યું છે, પણ મેં તેમને સ્પષ્ટ કહી દીધું છે કે હવે ઘણું મોડું થઈ ગયું છે.'ટ્રમ્પે આ અભિયાનની સફળતા અંગે વિગતો આપતાં કહ્યું કે, અમેરિકા અને ઈઝરાયલ સંયુક્ત રીતે દુશ્મનની તાકાતને નિર્ધારિત સમય કરતાં વધુ ઝડપથી ખતમ કરી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે ઈરાનની મિસાઈલ લોન્ચ સિસ્ટમ જેવી જ કાર્યરત થાય છે, તેની ચાર મિનિટની અંદર જ તેને નિશાન બનાવીને તબાહ કરી દેવામાં આવે છે. આ હુમલાઓમાં ઈરાનની વાયુ સેના અને એર ડિફેન્સ સિસ્ટમનો મોટો હિસ્સો નાશ પામ્યો છે. ટ્રમ્પના મતે, ઈરાનની ૬૦% મિસાઈલ પ્રણાલી અને ૬૪% લોન્ચ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અત્યાર સુધીમાં નેસ્તનાબૂદ થઈ ચૂક્યું છે.

## કતારનો એક નિર્ણય અને પાકિસ્તાન-બાંગ્લાદેશમાં સર્જાયું ગંભીર સંકટ, ભારતને પણ અસર! પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષ દરમિયાન કતારના પ્લાન્ટ પર ઈરાનના હવાઈ હુમલાઓથી મોટું નુકસાન

। એજન્સી, કતાર, તા.૬ ।

પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષ દરમિયાન કતારના પ્લાન્ટ પર ઈરાનના હવાઈ હુમલાઓથી મોટું નુકસાન થયું છે. જે બાદ કતારે આવો નિર્ણય લીધો, જેના કારણે એશિયન સપ્લાય ખોરવાઈ ગયો છે. ખાસ કરીને પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશો સંકટમાં આવી ગયા છે કારણ કે તેમની પાસે વિકલ્પો ઓછા છે, ભારત પર પણ અસર પડી શકે છે.ઈરાની હુમલાઓ બાદ કતારે એલએનજીની સપ્લાઈ અને ઉત્પાદન બંધ કરી દીધું છે. કતારના પગલાંથી યુરોપ અને એશિયાઈ માર્કેટમાં ગેસના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશો માટે તો ઈમરજન્સી સંકટ ઉભું થયું છે. કેમ કે આ બંને દેશો સંપૂર્ણ રીતે ઉર્જાની સપ્લાઈ માટે કતાર પર નિર્ભર હતા. એનાલિટિક્સ ફર્મ કેપ્લરના આંકડાઓ મુજબ, કતાર અને સંયુક્ત આરબ અમીરાત મળીને પાકિસ્તાનને એલએનજી આયાતના ૯૯ ટકા તેમજ બાંગ્લાદેશને ૭૨ ટકા અને ભારતને ૫૩ ટકા સપ્લાઈ પૂરી પાડતા હતા. એશિયામાં કતાર ગેસ માટેનું મુખ્ય સ્થળ છે. આ ક્ષેત્રમાં કતારના ૮૦ ટકાથી વધુ એલએનજી શિપમેન્ટનો ઉપયોગ થાય છે, જે યુનાઈટેડ સ્ટેટ્સ પછી વિશ્વનો બીજો સૌથી મોટો એલએનજી ઉત્પાદક દેશ છે.આંકડાનું માનીએ તો પાકિસ્તાન અને બાંગ્લાદેશ માટે અણધાર્યું સંકટ આવીને ઉભું થઈ ગયું છે. ખાસ કરીને બાંગ્લાદેશ પહેલાથી ગેસની ઘટ સામે ઝઝૂમી રહ્યું છે. પ્રતિ દિવસ ૧,૩૦૦ મિલિયન ઘટનો સામનો કરી રહ્યું છે તેવામાં કતારનો ગેસ સપ્લાઈ બંધ કરવાનો નિર્ણય દાઝ્યા પર ડામ જેવો છે.પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષ દરમિયાન કતારના પ્લાન્ટ પર ઈરાનના હવાઈ હુમલાઓથી મોટું નુકસાન થયું છે.

### મધ્ય પૂર્વના યુદ્ધની અસરો હવે વૈશ્વિક અર્થતંત્ર પર દેખાવા લાગી

### ખાડી દેશો હવે અમેરિકામાંથી પોતાનું જંગી રોકાણ પાછું ખેંચવાનું વિચારી રહ્યા છે, જે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે

## ટ્રમ્પને યુદ્ધ ભારે પડશે! ગલ્ફ દેશો અમેરિકામાંથી ૨ ટ્રિલિયન ડોલરનું રોકાણ પાછું ખેંચવાની તૈયારીમાં

। એજન્સી, નવી દિલ્હી, તા.૬ ।

મધ્ય પૂર્વના યુદ્ધની અસરો હવે વૈશ્વિક અર્થતંત્ર પર દેખાવા લાગી છે. એક અહેવાલ મુજબ, ખાડી દેશો હવે અમેરિકામાંથી પોતાનું જંગી રોકાણ પાછું ખેંચવાનું વિચારી રહ્યા છે, જે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે.ઈરાન સાથે ચાલી રહેલા ભીષણ યુદ્ધને કારણે સાઉદી અરેબિયા, યુએઈ, કુવૈત અને કતર જેવા દેશોની આર્થિક સ્થિતિ પર વિપરીત અસર પડી રહી છે. ઊર્જા (ઓઈલ-ગેસ), શિપિંગ અને પ્રવાસન ક્ષેત્રમાંથી થતી આવકમાં ધરખમ ઘટાડો થવાને કારણે આ દેશોના બજેટ પર ભારે દબાણ સર્જાયું છે. પરિણામે, ૪માંથી ૩ મોટા ખાડી દેશો હવે અમેરિકા અને અન્ય વિદેશી રોકાણોમાંથી ખસી જવાની ચર્ચા કરી રહ્યા છે.અહેવાલો અનુસાર, ખાડી દેશો દ્વારા અમેરિકામાં કરવામાં આવેલું અંદાજે ૨ ટ્રિલિયન ડૉલર(આશરે ૧૬૦ લાખ કરોડ રૂપિયાથી વધુ) થી પણ વધુનું રોકાણ અત્યારે જોખમમાં છે. આ દેશો અમેરિકા પ્રત્યેની તેમની રોકાણ પ્રતિબદ્ધતાઓની પુનઃસમીક્ષા કરી શકે છે. જો આ રોકાણ પાછું ખેંચવામાં આવે, તો અમેરિકાના બજારમાં મોટો ભૂકંપ આવી શકે છે.



આ પગલાને એક 'સાવચેતીના પગલા' તરીકે જોવામાં આવી રહ્યો છે, પરંતુ આડકતરી રીતે તે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર દબાણ લાવવાની વ્યૂહરચના પણ હોઈ શકે છે. ખાડી દેશો ઈચ્છે છે કે અમેરિકા આ યુદ્ધને રોકવા અથવા સ્થિતિ થાળે પાડવા માટે સક્રિય ભૂમિકા ભજવે. અમેરિકાના રોકાણને જોખમમાં મૂકીને આ દેશો વૉશિંગ્ટન પર દબાણ વધારી રહ્યા છે.જો ખાડી દેશો ખરેખર પોતાનું રોકાણ પાછું ખેંચે છે, તો તેની અસર માત્ર અમેરિકા જ નહીં પણ સમગ્ર વિશ્વના શેરબજારો અને અર્થતંત્ર પર પડશે. યુદ્ધના વધતા ખર્ચ અને ઘટતી આવક વચ્ચે આ દેશો હવે પોતાના અનામત ભંડોળને બચાવવા માટે આ આકરો નિર્ણય લઈ શકે છે.મધ્ય પૂર્વના યુદ્ધની અસરો હવે વૈશ્વિક અર્થતંત્ર પર દેખાવા લાગી છે. એક અહેવાલ મુજબ, ખાડી દેશો હવે અમેરિકામાંથી પોતાનું જંગી રોકાણ પાછું ખેંચવાનું વિચારી રહ્યા છે, જે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે.ઈરાન સાથે ચાલી રહેલા ભીષણ યુદ્ધને કારણે સાઉદી અરેબિયા, યુએઈ, કુવૈત અને કતર જેવા દેશોની આર્થિક સ્થિતિ પર વિપરીત અસર પડી રહી છે. ઊર્જા (ઓઈલ-ગેસ), શિપિંગ અને પ્રવાસન ક્ષેત્રમાંથી થતી આવકમાં ધરખમ ઘટાડો થવાને કારણે આ દેશોના બજેટ પર ભારે દબાણ સર્જાયું છે. પરિણામે, ૪માંથી ૩ મોટા ખાડી દેશો હવે અમેરિકા અને અન્ય વિદેશી રોકાણોમાંથી ખસી જવાની ચર્ચા કરી રહ્યા છે.

### અનેક દેશો લોહીલુહાણ

### ભારતે ઈરાન પર સવાલ ઉઠાવવાને બદલે અમેરિકાને પૂછવું જોઈએ કે તે હિન્દ મહાસાગરમાં ઈરાની જહાજોને કેમ નિશાન બનાવી રહ્યું છે

## અમે નથી રોકી રહ્યા, અમેરિકાને પૂછો । ભારતના ઓઇલના જહાજો અંગે ઈરાનનું મોટું નિવેદન

। એજન્સી, તહેરાન, તા.૬ ।

હોર્મુઝ સ્ટ્રેટ પર વધતા વૈશ્વિક તણાવ અને ક્રૂડ ઓઈલના આસમાને પહોંચતા ભાવ વચ્ચે ઈરાને ભારતને લઈને એક અત્યંત મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. રાયસીના સંવાદ દરમિયાન ઈરાનના નાયબ વિદેશ મંત્રી સઈદ ખાતીબઝાદેહે ભારતીય જહાજોને અટકાવવાના અહેવાલોને નકારી કાઢતા અમેરિકા સામે આકરા પ્રહારો કર્યા છે.નાયબ વિદેશ મંત્રી સઈદ ખાતીબઝાદેહે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે 'ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાં સ્થિરતા જાળવવા માટે પ્રતિબદ્ધ છે. ઈરાન એક જવાબદાર શક્તિ છે. જો અમે ક્યારેય આ માર્ગ બંધ કરીશું,



તો તેની ઔપચારિક જાહેરાત કરીશું. હાલમાં અમે કોઈ જહાજ રોકી રહ્યા નથી.

ભારતે ઈરાન પર સવાલ ઉઠાવવાને બદલે અમેરિકાને પૂછવું જોઈએ કે તે હિન્દ મહાસાગરમાં ઈરાની જહાજોને કેમ નિશાન બનાવી રહ્યું છે. તેમના મતે, પ્રદેશની સુરક્ષા માટે અમેરિકા જ વાસ્તવિક ખતરો છે.'ભારત અને ઈરાનના સંબંધો પર સઈદ ખાતીબઝાદેહે જણાવ્યું કે, 'ભારત અને ઈરાન ચેસ માનસિકતા ધરાવે છે, જે ધીરજ અને ઊંડી વ્યૂહરચના પર આધારિત છે. 'અમેરિકન ફૂટબોલ માનસિકતા' ધરાવે છે, જેમાં માત્ર આક્રમકતા અને બળપ્રયોગને જ મહત્વ આપવામાં આવે છે.'વર્તમાન પરિસ્થિતિને 'સંપૂર્ણ યુદ્ધ' ગણાવતા તેમણે કહ્યું કે, 'તેહરાન હાલમાં અમેરિકા અને ઈઝરાયલ દ્વારા સતત હુમલાઓનો સામનો કરી રહ્યું છે. ઈરાની નાગરિકો પર કાર્પેટ-બોમ્બિંગ કરવામાં આવી રહ્યું છે અને દેશ પાસે હવે 'છેલ્લી ગોળી અને છેલ્લા સૈનિક' સુધી લડવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.'એક તરફ ઈરાન સાથેનો આ તણાવ વધી રહ્યો છે, બીજી તરફ અમેરિકાએ ભારતને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે ૩૦ દિવસની અસ્થાયી છૂટ આપી છે. આ છૂટછાટ વૈશ્વિક બજારમાં તેલની સપ્લાય ચેઈન જાળવી રાખવા માટે મહત્વની માનવામાં આવે છે.હોર્મુઝ સ્ટ્રેટ પર વધતા વૈશ્વિક તણાવ અને ક્રૂડ ઓઈલના આસમાને પહોંચતા ભાવ વચ્ચે ઈરાને ભારતને લઈને એક અત્યંત મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. રાયસીના સંવાદ દરમિયાન ઈરાનના નાયબ વિદેશ મંત્રી સઈદ ખાતીબઝાદેહે ભારતીય જહાજોને અટકાવવાના અહેવાલોને નકારી કાઢતા અમેરિકા સામે આકરા પ્રહારો કર્યા છે.નાયબ વિદેશ મંત્રી સઈદ ખાતીબઝાદેહે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે 'ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાં સ્થિરતા જાળવવા માટે પ્રતિબદ્ધ છે.

## લગ્નની સિઝનમાં એએમસી ના પાર્ટી પ્લોટની વધતી માંગ છેલ્લા સાત મહિનામાં એએમસી ને રૂ.૧૩.૮૧ કરોડની આવક

# લગ્નથી કોર્પોરેટ ઈવેન્ટ સુધી એએમસીના કોમ્યુનિટી હોલ-પાર્ટી પ્લોટનો શહેરીજનોમાં ક્રેઝ

**એએમસી દ્વારા શહેરીજનો માટે સસ્તા દરે સુવિધા, તમામ વર્ગને લાભ - ૧ ઓગસ્ટ ૨૦૨૫ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન કુલ ૭,૪૫૮ કાર્યક્રમોનું બુકિંગ થયું**

**નાગરિકોને રૂ.૫,૦૦૦ થી રૂ.૭૦,૦૦૦ સુધીના રાહત દરે સુવ્યવસ્થિત માળખા સાથે આ હોલ અને પ્લોટ ઉપલબ્ધ થવાથી સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોને નોંધપાત્ર આર્થિક રાહત મળી**

**૧ ઓગસ્ટ ૨૦૨૫થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) હેઠળ શહેરના કુલ સાત ઝોનમાં આવેલાં પાર્ટી પ્લોટ્સ અને કોમ્યુનિટી હોલ્સમાંથી નોંધપાત્ર આવક પ્રાપ્ત થઈ**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાં લગ્ન અને વિવિધ સામાજિક કાર્યક્રમોની સીઝન દરમિયાન ખાનગી પાર્ટી પ્લોટ અને બેન્ક્વેટ હોલના વધતા ભાડા વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત લગ્ન હોલ, કોમ્યુનિટી હોલ અને પાર્ટી પ્લોટ શહેરવાસીઓ માટે વિશ્વસનીય અને આર્થિક રીતે સુલભ વિકલ્પ બની રહ્યા છે. ૧ ઓગસ્ટ ૨૦૨૫ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન કુલ ૭,૪૫૮ કાર્યક્રમોની બુકિંગ નોંધાતા એએમસી ને રૂ.૧૩,૮૧,૬૦,૦૩૭ ની આવક પ્રાપ્ત થઈ છે, જે આ સુવિધાઓની વધતી લોકપ્રિયતાનું સ્પષ્ટ પ્રતિબિંબ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના ઉત્તર, મધ્ય, દક્ષિણ, પશ્ચિમ, પૂર્વ, ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ એમ સાત ઝોનમાં એએમસી દ્વારા કુલ ૯૫ કોમ્યુનિટી હોલ, પાર્ટી પ્લોટ, ઓડિટોરીયમ, પીકનીક હાઉસ અને ઓપન એર થિયેટર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.જેમાંથી હાલ ૮૨ સુવિધાઓ કાર્યરત છે જ્યારે ૧૩ સ્થળોએ નવીનીકરણની કામગીરી પ્રગતિમાં છે. નાગરિકોને રૂ.૫,૦૦૦ થી રૂ.૭૦,૦૦૦ સુધીના રાહત દરે સુવ્યવસ્થિત માળખા સાથે આ હોલ અને પ્લોટ ઉપલબ્ધ થવાથી સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોને નોંધપાત્ર આર્થિક રાહત મળી રહી છે.

આ કોમ્યુનિટી હોલ, હોલ અને પાર્ટી પ્લોટનો ઉપયોગ લગ્ન, રિસેપ્શન, ધાર્મિક કાર્યક્રમો, સામાજિક સેમિનાર, બેઠકો, ડિસ્ટ્રિબ્યુશન ગેટ-ટુ-ગેધર, સામાજિક ગેટ-ટુગેધર, શાળા-શૈક્ષણિક પ્રવૃત્તિઓ, બેસણા, જન્મદિવસ સમારંભ, કિટી પાર્ટી, કોર્પોરેટ મીટિંગ, પ્રદર્શનો (એક્ઝિબિશન) સહિત વિવિધ હેતુઓ માટે વ્યાપક પ્રમાણમાં કરવામાં આવે છે.

ઝોન પ્રમાણે આંકડા દર્શાવે છે કે, તારીખ ૧ ઓગસ્ટ ૨૦૨૫થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) હેઠળ શહેરના કુલ સાત ઝોનમાં આવેલાં પાર્ટી પ્લોટ્સ અને કોમ્યુનિટી હોલ્સમાંથી નોંધપાત્ર આવક પ્રાપ્ત થઈ છે. મધ્ય ઝોનમાં આવેલાં ૧૧ પાર્ટી પ્લોટ્સ તથા કોમ્યુનિટી હોલ્સમાં કુલ ૭૪૪ બુકિંગ નોંધાયા હતા, જેનાથી છસ્ઝને રૂ. ૬૫,૩૮,૭૫૦/- ની આવક થઈ છે. આ ઉપરાંત પૂર્વ ઝોનમાં પાર્ટી પ્લોટ્સ, કોમ્યુનિટી હોલ્સ, કોન્ફરન્સ રૂમ, બેન્ક્વેટ હોલ્સ અને ઓડિટોરિયમ સહિત કુલ ૧૮ સ્થળો ઉપલબ્ધ છે, જ્યાંથી ૬૭૮ બુકિંગ થકી રૂ. ૧,૨૫,૬૦,૧૨૫/- ની આવક નોંધાઈ છે.ઉત્તર પશ્ચિમ ઝોનમાં કુલ ૯ બેન્ક્વેટ હોલ, પાર્ટી પ્લોટ્સ અને કોમ્યુનિટી હોલ્સમાં ૯૩૧ કાર્યક્રમોની બુકિંગથી એએમસીને રૂ. ૩,૧૫,૦૫,૨૫૦/- ની આવક થઈ છે. તેમજ ઉત્તર ઝોનનાં કુલ ૧૪ પાર્ટી પ્લોટ્સ, અને હોલમાંથી કુલ ૧૨૩૮ કાર્યક્રમોની બૂકિંગ થઈ અને રૂ. ૧,૯૮,૭૭,૭૦૦/- ની આવક થઈ છે.

### દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૪૯૮ બુકિંગ દ્વારા રૂ. ૧,૪૩,૦૬૭૫૦/- ની આવક નોંધાઈ



દક્ષિણ પશ્ચિમ ઝોનમાં ૦૬ કોમ્યુનિટી હોલ્સ અને પાર્ટી પ્લોટ્સમાંથી ૪૯૮ બુકિંગ દ્વારા રૂ. ૧,૪૩,૦૬૭૫૦/– ની આવક નોંધાઈ છે. દક્ષિણ ઝોનમાં આવેલાં ૧૮ પાર્ટી પ્લોટ્સ, ઓડિટોરિયમ અને કોમ્યુનિટી હોલ્સમાં છેલ્લા સાત મહિનામાં ૧,૬૭૪ બુકિંગ નોંધાયા, જેમાંથી રૂ.૨,૪૮,૮૦,૧૫૦/– ની આવક થઈ છે. જ્યારે પશ્ચિમ ઝોનમાં આવેલા ૧૯ કોમ્યુનિટી હોલ્સ અને પાર્ટી પ્લોટ્સમાં ૧,૬૯૫ બુકિંગ થકી રૂ.૨,૮૪,૯૧,૩૧૨/– ની આવક પ્રાપ્ત થઈ છે. આમ, શહેરના કુલ સાત ઝોનમાં ૭,૪૫૮ કાર્યક્રમોની નોંધણી થઇ જેમાં લગ્ન સમારંભો ઉપરાંત વિવિધ સામાજિક, ધાર્મિક અને વ્યવસાયિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે અને તમામ ઝોનમાંથી એએમસીને કુલ રૂ.૧૩,૮૧,૬૦,૦૩૭/– ની આવક પ્રાપ્ત થઈ હોવાનું નોંધાયું છે.

### નવા અંદાજપત્ર ૨૦૨૬-૨૭ માં ૧૫ કરોડનાં ખર્ચે નવા ૫ ઓપન પાર્ટી પ્લોટ્સ બનાવવાની જોગવાઈ મંજૂર



આ ઉપરાંત બજેટ–૨૦૨૬–૨૭ માં વધુ ૫ નવા આધુનિક ઓપન પાર્ટી પ્લોટ રૂ. ૧૫ કરોડનાં ખર્ચે તૈયાર કરવામાં આવશે. શહેરના ભૌગોલિક વિસ્તારમાં થયેલા વિસ્તરણ અને વસ્તીમાં થયેલા નોંધપાત્ર વધારાને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોની સુવિધા માટે બજેટ ૨૦૨૬માં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદનો વિસ્તાર વધીને હવે ૪૮૦.૮૮ ચોરસ કિલોમીટર થયો છે, ત્યારે સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક પ્રસંગોની ઉજવણી માટે શહેરના બોપલ, કઠવાડા, ચિલોડા, નિકોલ અને લાંભા વિસ્તારોમાં નવા આધુનિક ઓપન પાર્ટી પ્લોટ તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ માટે અંદાજપત્રમાં રૂ. ૧૫ કરોડની રકમ ફાળવવાનો ઠરાવ પસાર કરાયો છે. આ નવા પાર્ટી પ્લોટ્સમાં રસોઈઘર, આધુનિક ચુલા, આકર્ષક રોશની (લાઈટિંગ) અને ભવ્ય પ્રવેશદ્વાર જેવી તમામ અદ્યતન સુવિધાઓથી સજ્જ હશે, જેથી મધ્યમ અને સામાન્ય વર્ગના નાગરિકોને તેમના પ્રસંગોની ઉજવણી માટે વધુ વિકલ્પો મળી રહેશે.

---

## કાળઝાળ ગરમીને લઈને હવામાન વિભાગે આગાહી કરી

# ગુજરાતના ૭ જિલ્લામાં ગરમીનું યલો એલર્ટ । સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આગામી ૪ દિવસ હીટવેવની આગાહી

**૮ માર્ચથી ૧૦ માર્ચ, ૨૦૨૬ આ ત્રણ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લામાં હીટવેવની આગાહી । પોરબંદર, ગીર સોમનાથ, ભાવનગર, ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં ગરમીને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ**

**ગુજરાતના દરિયાકાંઠાના કેટલાક વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની આગાહી**



। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વહેલી સવારે અને મધ્ય રાત્રિ દરમિયાન ઠંડુ વાતાવરણ રહે છે, જ્યારે બપોરથી સાંજ દરમિયાન ગરમ હવામાન રહે છે. આ દરમિયાન કાળઝાળ ગરમીને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. જેમાં આઈએમડીએ ૬ માર્ચથી ૧૦ માર્ચ, ૨૦૨૬ સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ૭ જેટલાં જિલ્લામાં હીટવેવને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે. આ સાથે ગુજરાતના દરિયાકાંઠાના કેટલાક વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની આગાહી છે. ગુજરાતભરમાં ગરમીની અસર હવે વર્તાઈ રહી છે, ત્યારે રાજ્યમાં આગામી ૪ દિવસ ગરમીનો પારો ઊંચો રહેશે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં ૬-૭ માર્ચમાં ભાવનગર જિલ્લામાં હીટવેવને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ બે દિવસ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીનું જોર વધુ જોવા મળશે.આગામી ૮ માર્ચથી ૧૦ માર્ચ, ૨૦૨૬ આ ત્રણ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લામાં હીટવેવની આગાહી છે. જેમાં પોરબંદર, ગીર સોમનાથ, ભાવનગર, ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં ગરમીને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે.

---

## ક્રાઈમ બ્રાન્ચે ચોરેલી બે મોટરસાયકલ કબજે કરી

### વડોદરાના ગાજરાવાડીમાંથી બાઈક ઉઠાવગીર પકડાયો, ચોરેલી બે મોટરસાયકલ કબજે



। પ્રતિનિધિ, વડોદરા, તા.૬ ।

વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ગાજરાવાડી વિસ્તારમાંથી એક બાઈક ઉઠાવગીરને ઝડપી પાડી ચોરેલી બે મોટરસાયકલ કબજે કરી છે.ગાજરાવાડી પાણીને ટાંકી પાસેથી પસાર થતાં એક મોટરસાયકલ સવારને પોલીસે અટકાવી બાઈકના કાગળ માંગતા તેની પાસે કાગળ મળી આવ્યા ન હતા. જેથી તેને પોલીસ સ્ટેશનને લઈ જઈ પૂછપરછ કરતા આ મોટરસાયકલ તેણે ૧૫ દિવસ પહેલા ફતેગંજ વિસ્તારમાંથી ચોર્યાની કબુલાત કરી હતી.પોલીસની તપાસ દરમિયાન બાઈક ઉઠાવનારનું નામ હિતેશ પ્રતાપભાઈ પરમાર હોવાનું ખુલ્યું હતું. તેણે ત્રણ મહિના અગાઉ પણ છાણી વિસ્તારમાંથી એક મોટરસાયકલ ચોરી હોવાની વિગતો બહાર આવી હતી.

---

## ભારતીયોની મુશ્કેલીમાં ભારે વધારો થયો

# યુદ્ધને લીધે દુબઈમાં ફસાયા એક જ પરિવારના ૧૩ ગુજરાતી પ્રવાસીઓ । વતન પરત ફરવા કેન્દ્ર સરકાર પાસે માગી મદદ



। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ ।

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વણસેલી યુદ્ધ જેવી સ્થિતિને કારણે વિદેશ પ્રવાસે ગયેલા ભારતીયોની મુશ્કેલીમાં ભારે વધારો થયો છે. ખાસ કરીને દુબઈ અને અબુ ધાબી ફરવા ગયેલા અમદાવાદના સોલા વિસ્તારમાં રહેતા ૧૩ જેટલા ગુજરાતના એક જ પરિવારના લોકો હાલ ત્યાં ફસાયેલા છે. અબુ ધાબી પર થયેલા મિસાઈલ હુમલા અને ત્યારબાદ ફલાઈટ્સ રદ થવાને કારણે મુસાફરોની હાલત કફોડી બની છે. જેમાં સિનિયર સિટીઝનોની દવાઓ અને ખાવા-પીવાની સામગ્રી ખૂટી પડતા તેઓ ભારે આર્થિક અને શારીરિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હોટલ સંચાલકો દ્વારા વધારાના નાણાંની માંગ અને મોંઘા વિમાની ભાડાને કારણે લાચાર બનેલા આ પરિવારો હવે ભારત સરકાર પાસે સુરક્ષિત વતન વાપસી માટે આશા છે.મહત્ત્વનું છે કે, આ લોકો ૨૫મી ફેબ્રુઆરીના રોજ દુબઈ ફરવા માટે ગયા હતા અને ત્યાંથી બે-ત્રણ દિવસ રોકાયા બાદ અબુધાબી ગયા હતા. અબુ ધાબીમાં તેને ફલાઈટો કેન્સલ થવાના સમાચાર મળતા તેઓ તુરંત દુબઈ પરત ફર્યા હતા. જોકે, તેમની ભારત જવાની નિર્ધારિત ફલાઈટ્સ અને ત્યારબાદ કરાવેલી બીજી ટિકિટો પણ કેન્સલ થઈ ગઈ છે, જેના કારણે તેઓ હાલ દુબઈમાં ફસાયેલા છે. હાલમાં આ મુસાફરો પાસે પૈસા, રહેવા-જમવાની સગવડ અને પીવાના પાણીની પણ ભારે તકલીફ ઊભી થઈ છે. સૌથી ગંભીર બાબત એ છે કે આ લોકોમાં ડાયાબિટીસ અને બીપીના દર્દીઓ પણ સામેલ છે જેમની જરૂરી દવાઓ હવે ખૂટી ગઈ છે. આ પરિસ્થિતિમાં તેઓ ભારત પરત જવા માટે મદદની પોકાર કરી રહ્યા છે કારણ કે તેમની પાસે હવે ખર્ચ કરવા માટે પણ પૈસા બાકી રહ્યા નથી.દુબઈમાં ફસાયેલા પ્રકાશ પ્રજાપતિએ જણાવ્યું કે, 'અમે ૨૫ તારીખે ૧૩-૧૪ લોકોના ગ્રુપ સાથે દુબઈ ફરવા આવ્યા હતા, જેમાં ૮ સિનિયર સિટીઝન અને ૨ બાળકો પણ હતા. ૨૮મી તારીખે જ્યારે અમે અબુ ધાબીમાં પાર્લામેન્ટ જોવા ગયા હતા.

---

## વિરમગામમાં પ્રદૂષણ ફેલાવતી રોકેટ ઇન્ડિયાને ૧૫ દિવસમાં બંધ કરવા આદેશ

। પ્રતિનિધિ, વિરમગામ, તા.૭ ।

વિરમગામમાં જીપીસીબીની તપાસમાં ક્ષતિઓ જણાતા પ્રદૂષણ ફેલાવતી રોકેટ ઈન્ડિયાને ૧૫ દિવસમાં બંધ કરવા આદેશ આપ્યો છે. કંપની દ્વારા તળાવ અને ખેતરમાં કેમિકલયુક્ત જોખમી પાણીનો ગેરકાયેસર રીતે નીકાલ કરતા નુકસાન પહોંચ્યું છે.વિરમગામના જુના પાઘર ગામ પાસે આવેલી 'રોકેટ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ' કંપની દ્વારા ખેતીની જમીન અને કુદરતી તળાવમાં જોખમી રાસાયણિક પાણી છોડવામાં આવતું હતું. સર્વે નંબર ૧૭૫ના ખેડૂતોએ આ બાબતે મામલતદાર, નાયબ કલેક્ટર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને વારંવાર લેખિત રજૂઆતો કરી હતી. બે મહિના અગાઉ આવેદનપત્ર આપી પ્રદૂષિત પાણી બંધ કરાવવા માંગ ઉઠી હતી, જેના પગલે તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો.અમદાવાદ ગ્રામ્યના પ્રાદેશિક અધિકારી દ્વારા હાથ ધરાયેલ સ્થળ તપાસમાં કંપનીની ગંભીર બેદરકારી સામે આવી છે.

---

**નાગરિક સેવાઓને મળશે વધુ ગતિ અને સુવિધા**

## શાહીબાગ વોર્ડમાં રાજ્યકક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલાના હસ્તે બે નવી એએમસી ઓફિસોનું લોકાર્પણ



। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મધ્યઝોનના શાહીબાગ વોર્ડમાં નાગરિક સુવિધાઓને વધુ મજબૂત બનાવવા બે મહત્વપૂર્ણ વિભાગોની નવી ઓફિસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ગિરધરનગર વિસ્તારમાં જેઠાભાઈ ગાર્ડન નજીક સ્થિત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ તથા અર્બન કમ્યુનિટી ડેવલોપમેન્ટ વિભાગની નવી ઓફિસોનું ઉદ્ઘાટન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણનાં રાજ્યકક્ષા મંત્રી દર્શનાબેન વાઘેલાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરનાં મેયર પ્રતિભાબેન જૈન તેમજ અમદાવાદ પશ્ચિમના સાંસદ દિનેશભાઈ મકવાણાની સ્નેહમય ઉપસ્થિતિ રહી હતી.આ ઉપરાંત સ્ટેન્ડિગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી, વિવિધ કમિટીના ચેરમેનઓ, સ્થાનિક કોર્પોરેટરઓ તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓઓ - પદાધિકારીઓ હાજર રહ્યા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મધ્યઝોનના શાહીબાગ વોર્ડમાં નાગરિક સુવિધાઓને વધુ મજબૂત બનાવવા બે મહત્વપૂર્ણ વિભાગોની નવી ઓફિસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

---

## નવા વાડજ ખાતે મેયર પ્રતિભાબેન જૈનના વરદ હસ્તે "સ્વ. વિનુભાઇ વ્યાસ સિનિયર સિટિઝન પાર્ક"નું નામાભિધાન

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પશ્ચિમ ઝોનના નવા વાડજ વોર્ડમાં નવા તૈયાર કરાયેલા સિનિયર સિટિઝન પાર્કને "સ્વ. વિનુભાઈ વ્યાસ સિનિયર સિટિઝન પાર્ક" નામ આપવામાં આવ્યું છે. નિર્ણયનગર વિસ્તારમાં સ્થિત આ પાર્કના નામાભિધાનનો કાર્યક્રમ શુક્રવાર, તા. ૬ માર્ચ ૨૦૨૬ના રોજ યોજાયો હતો. આ પ્રસંગે અમદાવાદ શહેરના મેયર પ્રતિભાબેન જૈનના વરદ હસ્તે પાર્કનું નામાભિધાન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ધારાસભ્ય ડો. હર્ષદભાઈ પટેલ, ધારાસભ્ય જીતેન્દ્રભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણી, વિવિધ કમિટીના ચેરમેનઓ, સ્થાનિક કોર્પોરેટરઓ તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ - પદાધિકારીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.




CAR WORLD
AUTO GARAGE

Karan Panchal
+91 9427796859

Mahesh Gajnotar
+91 9824699827

Shop No. 1, Radhe Hills,
Nr. Rameshwar Transport,
Mahemadabad Road,
Hathijan, Gujarat-382 445.


---

## ઈરાન યુદ્ધ વચ્ચે ગુજરાત ગેસ કંપનીએ પીએનજી સપ્લાયમાં ૫૦%નો કાપ મૂકતાં ઉદ્યોગો મુશ્કેલીમાં






ઉદ્યોગકારોનું કહેવું છે કે આ કાપ તેમના ઉત્પાદન પર વિપરીત અસર પાડશે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે ઘણા ઉદ્યોગોને તો પોતાનું ઉત્પાદન જ બંધ કરવાની નોબત આવી શકે છે.


લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ

dailyhunt




પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો



**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya